dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 238 | AD - 2026, Jeth Vad -04 | Thursday, Dt. 04-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ‘ફ્લોરિશ સ્ટે’ નામની હોટલમાં મોટાભાગના વિદેશી નાગરિકો, આગનું કારણ અકબંધ

# દિલ્હીની પાંચ માળની હોટલમાં આગ લાગતા ૨૧ લોકો ભડથુ

નવી દિલ્હી,તા.૦૩

દેશની રાજધાની દિલ્હીના માલવીયા નગર અંતર્ગત આવતા હૌઝ રાની વિસ્તારમાંથી બુધવારે સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. અહીં આવેલી ‘ફ્લોરિશ સ્ટે’ નામની હોટલમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના ગૂંગળામણ અને દાઝી જવાને કારણે કરૂણ મોત નીપજ્યાં હોવાના અહેવાલ મળ્યા છે, જેના લીધે આસપાસના સમગ્ર વિસ્તારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. આ હોટલ એક પાંચ માળની વિશાળ ઈમારતમાં સંચાલિત થઈ રહી હતી, જેમાં સવારના સમયે અચાનક આ અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક અહેવાલો અનુસાર, સવારના આશરે ૮:૫૦ વાગ્યાની આસપાસ હોટલના બેઝમેન્ટ ભાગમાં કાર્યરત ‘લેમન ગ્રીન’ નામની રેસ્ટોરન્ટમાંથી આગની શરૂઆત થઈ હતી અને જોતજોતામાં તે ઉપરના માળ સુધી પ્રસરી ગઈ હતી. સૌથી વધુ દુઃખદ બાબત એ છે કે આ હોટલમાં રોકાયેલા મૃતકોમાં મોટા ભાગના લોકો વિદેશી નાગરિકો હોવાનું બહાર આવ્યું છે, જેઓ અહીં પ્રવાસ અથવા અન્ય કામ અર્થે આવ્યા હતા. દિલ્હી ફાયર વિભાગને આ ભયાનક આગ લાગવાની સત્તાવાર માહિતી સવારે લગભગ ૯:૦૦ વાગ્યે મળી હતી. ઘટનાની ગંભીરતા અને ભયાનકતાને ધ્યાનમાં રાખીને ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક અસરથી પગલાં ભર્યા હતા અને ઘટનાસ્થળે શરૂઆતમાં જ ફાયર ફાઈટિંગની ૧૦ ગાડીઓને




રવાના કરી દીધી હતી. દિલ્હી ફાયર સર્વિસના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, પરિસ્થિતિ પર ઝડપથી કાબૂ મેળવવા માટે પ્રારંભિક પ્રતિભાવ તરીકે બે વોટર ટેન્ડર, બે મોટા વોટર બોઝર, એક ક્વિક રિસ્પોન્સ વ્હીકલ અને અન્ય અત્યાધુનિક ફાયર ફાઈટિંગ યુનિટ્સને યુધ્ધના ધોરણે તૈનાત કરવામાં આવ્યા હતા.

બચાવ કામગીરીના પ્રારંભિક તબક્કામાં એવી માહિતી પ્રાપ્ત થઈ હતી કે બહાદુર ફાયર ફાઈટર્સ દ્વારા બિલ્ડિંગના ધુમાડાથી ભરેલા બેઝમેન્ટમાંથી ત્રણ લોકોને અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં સુરક્ષિત રીતે બહાર કાઢીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યારબાદ હોટલના અંદરના ભાગોમાં સર્જાયેલી તારાજીને કારણે મૃત્યુઆંક ઝડપથી વધીને ૨૧ પર પહોંચી ગયો હતો, જેણે સૌને હચમચાવી દીધા છે.આ ભયાનક અકસ્માત કઈ રીતે સર્જાયો તે અંગે હોટલના રેસ્ટોરન્ટમાં મુખ્ય રસોઈયા તરીકે કામ કરતા કેસર સિંહે આંખે જોયેલો અહેવાલ આપતાં જણાવ્યું હતું કે, સવારે આશરે ૮:૦૦ વાગ્યાની આસપાસ તેઓ રસોડામાં રોજિંદુ કામ કરવા માટે ગયા હતા. તેમણે રસોઈ બનાવવા માટે ઈલેક્ટ્રિક સ્ટવ ચાલુ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે જ ક્ષણે અચાનક એક મોટો ભડકો થયો અને તણખા સાથે આગ ભભૂકી ઉઠી હતી. બેઝમેન્ટમાં ફર્નિચર અને અન્ય જ્વલનશીલ સામગ્રી હોવાને કારણે જોતજોતામાં જ આગ આખી હોટલમાં ધુમાડાના ગોટેગોટા સાથે ફેલાઈ ગઈ હતી. કેસર સિંહે વધુમાં ઉમેર્યુ કે આગ લાગતાં જ તેમણે ગભરાયા વગર તરત જ પોતાના આસિસ્ટન્ટને આ અંગે સચેત કર્યો હતો અને બંને જણા હોટલની બહારની તરફ દોડી જઈને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા. જોકે, હજુ સુધી વહીવટી તંત્ર દ્વારા આગ લાગવાનું કોઈ સત્તાવાર અને ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

# અમેરિકાએ ફરી ટેરીફ વધારતા ભારતે વેપાર કરાર મુદ્દે કડક જવાબ આપ્યો

નવી દિલ્હી,તા.૦૩

નવી દિલ્હીમાં ભારત અને અમેરિકા વચ્ચે મેગા ટ્રેડ ડીલને આખરી ઓપ આપવાની તૈયારી ચાલી રહી છે, ત્યારે જ અમેરિકાએ ભારતને મોટો ઝટકો આપ્યો છે. અમેરિકન વ્યાપાર પ્રતિનિધિ કાર્યાલય (USTR) દ્વારા રજૂ કરાયેલા એક પ્રસ્તાવમાં ભારત સહિત તેના કેટલાક અગ્રણી ભાગીદાર દેશો પર પર ૧૦% થી ૧૨.૫% સુધીનો વધારાનો ટેરિફ (ઈમ્પોર્ટ ડ્યુટી) લાદવાની ભલામણ કરાઈ છે. આ ચોંકાવનારા નિર્ણયને કારણે ભારતીય બજારો અને



નિકાસકારોમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે અમેરિકાની ટેરિફની ધમકીઓ વચ્ચે ભારતે સ્પષ્ટ જવાબ આપ્યો છે કે કલમ ૩૦૧ની કાર્યવાહી હેઠળ ઊભા થયેલા વેપાર મુદ્દે અમેરિકા સાથે સતત સંપર્કમાં છે, ભારતીય વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે, ‘દેશ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા ટ્રેડ માળખા અનુસાર કરારને આખરી ઓપ આપવા માટે અમેરિકા સાથે સમાંતર રીતે ચર્ચા કરી રહ્યો છે. આ સ્થિતિ પર ઝીણવટભરી નજર રખાઈ રહી છે. જેથી સ્થાનિક નિકાસકારોના હિતોનું રક્ષણ કરી શકાય.’આ સમગ્ર વિવાદ અમેરિકન વેપાર પ્રતિનિધિ કાર્યાલય (USTR) દ્વારા ભારત સહિત વિશ્વના ૬૦ દેશો સામે વસ્તુઓની આયાત પરના પ્રતિબંધાત્મક પગલાંની તપાસ પૂર્ણ કર્યા પછી શરૂ થયો છે. આ તપાસના પરિણામે, USTR એ ૧૯૭૪ના અમેરિકન વેપાર અધિનિયમની કલમ ૩૦૧ હેઠળ આ તમામ ૬૦ દેશોમાંથી થતી આયાત પર વધારાની ડ્યુટી (ટેરિફ) લાદવાની દરખાસ્ત મૂકી છે. આ તપાસ અંતર્ગત ત્રીજા દેશોમાં બળજબરીપૂર્વકની મજૂરી (ફોર્સ્ડ લેબર) સંબંધિત ચિંતાઓને કારણે ભારત સહિત ૫૪ દેશોમાંથી થતી આયાત પર ૧૨.૫ ટકા સુધીની વધારાની ડ્યુટી ફટકારવાની યોજના છે, જ્યારે કેનેડા, ઈક્વાડોર, યુરોપિયન યુનિયન, ઈન્ડોનેશિયા, મેક્સિકો અને પાકિસ્તાન પર ૧૦ ટકાનું ઓછું ટેરિફની જોગવાઈ રાખવામાં આવી છે.

# મહારાષ્ટ્ર સરકારની ખેડૂતોને મોટી ભેટ: રૂ. ૩૬,૫૮૫ કરોડનું દેવું માફ

મુંબઈ, તા.૦૩

મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ખેડૂતોને આર્થિક કટોકટીમાંથી ઉગારવા માટે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં ‘પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર ખેડૂત લોન માફી યોજના’ને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ રાજ્ય સરકાર રૂ. ૩૬,૫૮૫ કરોડનું કૃષિ દેવું માફ કરશે, જેનાથી અંદાજે ૫૬ લાખ ખેડૂતોને સીધો લાભ મળશે અને તેઓ દેવાના બોજમાંથી



મુક્ત થશે. કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલી આ યોજના અંતર્ગત ખેડૂતોની રૂ. ૨ લાખ સુધીની કૃષિ લોન માફ કરવામાં આવશે. મુખ્યમંત્રી કાર્યાલયના જણાવ્યા અનુસાર, આ યોજના હેઠળ ૬૫ લાખથી વધુ લોન ખાતાઓને આવરી લેવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા માટે સરકારે ચોક્કસ માપદંડો નક્કી કર્યા છે. આ યોજનાનો લાભ માત્ર એવા ખેડૂતોને જ મળશે જેમની કૃષિ લોન ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં બેંકમાં બાકી બોલતી હોય. સરકારે માત્ર દેવાં માફી જ નથી કરી, પરંતુ નાણાકીય શિસ્ત જાળવનારા ખેડૂતોનું પણ સન્માન કર્યું છે. જે ખેડૂતો પોતાની પાક લોન નિયમિત અને સમયસર ચૂકવે છે, તેમને રૂ. ૫૦,૦૦૦ સુધીનું પ્રોત્સાહન ભથ્થું આપવામાં આવશે. તાજેતરના વર્ષોમાં અનિયમિત હવામાન, અતિવૃષ્ટિ કે દુષ્કાળ જેવી સ્થિતિ, વધતો જતો ઉત્પાદન ખર્ચ અને બજારના પડકારોને કારણે ખેડૂતો પર દેવાનો બોજ સતત વધી રહ્યો હતો. આ નાણાકીય મુશ્કેલીઓને દૂર કરવા અને ગ્રામીણ અર્થતંત્રને ફરી બેઠું કરવા માટે સરકારે આ પગલું ભર્યું છે. આગામી ૧૮ જૂને યોજાનારી વિધાન પરિષદ ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ હોવાના કારણે, સરકારે હજુ સુધી આ રાહત પેકેજની સત્તાવાર ઔપચારિક જાહેરાત કરી નથી.






# કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે ડીકે શિવકુમારે શપથ લીધા

બેંગલુરૂ,તા.૦૩

ડીકે શિવકુમારે બુધવારે બેંગલુરુના લોક ભવનમાં કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. અગાઉ ૩૦ મેના રોજ યોજાયેલી કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં તેમને સર્વાનુમતે નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

તેઓ પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની જગ્યાએ હવે રાજ્યની કમાન સંભાળશે, જેમણે ૨૮ મેના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. સિદ્ધારમૈયા ૨૦ મે ૨૦૨૩ થી



૨૮ મે ૨૦૨૬ સુધી આ પદ પર રહ્યા હતા. શિવકુમારની સાથે જી. પરમેશ્વરે નવા નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

આ ઉપરાંત અન્ય ૧૨ ધારાસભ્યોએ પણ મંત્રી પદના શપથ લીધા છે, જેમાં પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના એમએલસી પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયાનો પણ સમાવેશ થાય છે.


નવા મુખ્યમંત્રી બનેલા ડીકે શિવકુમાર દેશના સૌથી ધનિક નેતાઓમાં સ્થાન ધરાવે છે. તેમની પાસે રૂ.૧૪૧૩ કરોડથી વધુની અઢળક સંપત્તિ છે અને તેઓ રિયલ એસ્ટેટ, ખાણકામ તેમજ હોટેલ વ્યવસાય સાથે સંકળાયેલા છે.

આશ્ચર્યની વાત એ છે કે આટલી મોટી સંપત્તિ હોવા છતાં તેમના ચૂંટણી સોગંદનામામાં માત્ર એક ટોયોટા ક્વોલિસ કાર જ નોંધાયેલી છે, જ્યારે તેમની પર ૨૬૩ કરોડ રૂપિયાનું દેવું પણ છે. વર્ષ ૧૯૬૨માં બેંગલુરુ નજીક કનકપુરામાં જન્મેલા શિવકુમાર વોક્કાલિગા સમુદાયમાંથી આવે છે અને તેઓ કનકપુરા બેઠકના ધારાસભ્ય છે.







# અમરેલીના વોર્ડ-૩માં ગટરની સમસ્યા નગરપાલિકા દ્વારા ઉકેલાતા સ્થાનિકોને રાહત

અમરેલી,તા.૦૩

અમરેલીમાં મહિલા કોલેજ, લો કોલેજ તથા તાલીમ ભવન તરફ જતા મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ગટર જામ થવાની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. જેના કારણે દરરોજ અંદાજે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ પ્રશ્નના કાયમી નિરાકરણ માટે વોર્ડ નંબર-૩ ના સભ્યો દ્વારા અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા તથા ચીફ ઓફિસર વિજયભાઈ રાઠોડ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને ગંભીરતાથી લઈ નગરપાલિકાની ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી ગટરની સંપૂર્ણ સફાઈ કરાવી તેમજ જરૂરી સ્થળે નવી ગટર ચેમ્બરનું નિર્માણ




કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં સફળતા મેળવી છે. આવી ઝડપી કામગીરીના પરિણામે વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓને મોટી રાહત મળી છે.

આ કામગીરી બદલ સંસ્થા તરફથી પાલિકાના પ્રમુખ વૈશાલીબેન, ચીફ ઓફિસર વિજયભાઈ, વોર્ડ નંબર-૩ના તમામ સભ્યો તથા નગરપાલિકાની ટીમનો લેખિતમાં આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ તકે ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, સંદીપભાઈ માંગરોળીયા, હરપાલભાઈ ધાધલ, દેવરાજભાઈ બાબરીયા, ચિરાગભાઈ ત્રિવેદી વિદુરભાઈ ડાબસરા, કૌશલભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યા હતા.

# દારૂના ગુનામાં સાવરકુંડલાના બુટલેગર સામે પાસાની કાર્યવાહી, સુરત જેલભેગો

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ અસામાજિક પ્રવૃત્તિઓ ડામી દેવા માટે પોલીસ પ્રશાસન દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા તત્વો સામે 'પાસા' હેઠળ અટકાયતી પગલાં લેવાઈ રહ્યા છે.



એલસીબી પી.આઈ. સી.પી. વાઘેલાએ દારૂના ગુનાઓમાં સંડોવાયેલા ઈસમ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે આ દરખાસ્ત મંજૂર રાખતા, સાવરકુંડલાના ૪૪ વર્ષીય શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળાને પાસા વોરંટ બજવી સુરત મધ્યસ્થ જેલ ખાતે મોકલી અપાયો છે. એલ.સી.બી.ની ટીમે આ પ્રશંસનીય કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી.

# અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આજે કિસાન મોરચાની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં આગામી ૫ જૂનથી ૨૧ જૂન દરમિયાન યોજાનારા વિવિધ કાર્યક્રમોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રભારી બાબુભાઈ, પ્રમુખ



મુકેશભાઈ ખોખરીયા અને મહામંત્રીઓએ હાજર રહીને કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. વક્તાઓએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના બાર વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં જનકલ્યાણકારી કાર્યક્રમો યોજાશે. કેન્દ્ર સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યોને જન-જન સુધી પહોંચાડવા માટે કાર્યકરોને સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કરાયો હતો. આ બેઠકમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કિસાન અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જનક તળાવીયાના હસ્તે લાઠીના શાખપુર ગામે નવી આયુર્વેદિક હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરાયું

લાઠી,તા.૦૩

લાઠી તાલુકાના શાખપુર ગામે ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વધુ સારી અને સુલભ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી અંદાજિત રૂ. ૪૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર આયુર્વેદિક હોસ્પિટલનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે સંપન્ન થયું હતું. આ હોસ્પિટલના



નિર્માણથી શાખપુર સહિત આસપાસના ગામોના લોકોને આયુર્વેદ આધારિત સારવાર, આરોગ્ય માર્ગદર્શન અને વિવિધ સેવાઓ પોતાના વિસ્તારમાં જ પ્રાપ્ત થશે.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતુ કે રાજ્ય સરકાર ગામડાઓમાં આરોગ્ય અને માળખાકીય સુવિધાઓના વિકાસ માટે સતત કાર્યરત છે. આ હોસ્પિટલથી સ્થાનિક લોકોને ગુણવત્તાસભર સેવાનો લાભ મળશે. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સરપંચ, પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં સ્પા-મસાજ પાર્લરના માલિકો, સંચાલકોના નામ પોલીસ સ્ટેશનમાં નોંધાવવા

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ આદેશ અનુસાર, જિલ્લાના તમામ સ્પા અને મસાજ પાર્લરના માલિકો કે સંચાલકોએ તેમના કર્મચારીઓ અને ભાગીદારોના નામ, સરનામાં, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ્સ તેમજ આઈડી પ્રૂફ (જેવા કે ડ્રાઈવિંગ લાયસન્સ વગેરે) સહિતની તમામ વિગતો ફરજિયાતપણે સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. આ ઉપરાંત, સ્પાના રિસેપ્શન અને કોમન એરિયામાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે, જેનું ઓછામાં ઓછું ૩૦ દિવસનું રેકોર્ડિંગ રાખવું આવશ્યક છે. પાર્લરના માલિકી હક અથવા ભાડા કરારના પુરાવા આપવા સાથે આવતા ગ્રાહકોનું પણ આઈડી પ્રૂફ અને રજિસ્ટર નિભાવવું પડશે. આ હુકમ ૨૪ જુલાઈ સુધી અમલી રહેશે.

# અમરેલીમાં વેપારીને જાનથી મારવાની ધમકી મળતા ફરિયાદ

અમરેલી, તા. ૦૩

અમરેલીમાં એક વેપારીને જાનથી મારવાની ધમકી આપતાં ખળભળાટ મચી ગયો હતો. અજયભાઈ જેઠાભાઈ રાઠોડ (ઉ.વ. ૨૧)એ મુસ્તાફભાઈ ઉમરભાઈ ચૌહાણ અને અલ્ફેજભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમની દુકાને આવી પાણીની બોટલ તથા માવો લીધો હતો. વેપારીએ પૈસા માંગતાં, આરોપીઓએ ગાળો આપી લાફો માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ સિકંદર બાબુભાઈ સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી તાલુકાના ખેડૂતો માટે પાકનિદર્શન અરજી સ્વીકારવાની પ્રક્રિયા એક દિવસ જ ખુલ્લી રહેશે

અમરેલી,તા.૦૩

અમરેલી તાલુકાના તમામ ખેડૂત ભાઈઓ માટે વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત કપાસ, મગફળી, સોયાબીન અને બાજરાના પાક નિદર્શનો માટે ઓનલાઈન અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ છે. આ યોજના હેઠળ પસંદ થયેલા ખેડૂતોને સરકારના નિયમોનુસાર સબસિડી પાત્ર બિયારણ તેમજ ખેતી ઉપયોગી ઈનપુટ કીટનો સીધો લાભ મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાનું **i-Khedut** પોર્ટલ હવે માત્ર એક દિવસ માટે જ ખુલ્લું રહેશે. જે ખેડૂતોએ હજુ સુધી પોતાના ફોર્મ સબમિટ નથી કર્યા, તેઓ આગામી એક દિવસમાં કોઈપણ વિલંબ વગર ઓનલાઈન અરજી કરી શકે છે. સમયમર્યાદા બાદ પોર્ટલ બંધ થઈ જશે.












## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૫૧/૨૦૨૬

પ્રતિ,
શ્રી કાદરી મોહમ્મદ રફીક સમસુદિન,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ સમસુદિનબાપુ હસનઅલી કાદરી તથા લાતીફૂનનીશા સમસુદિનબાપુ કાદરીના પુત્ર અબ્દુલ રજાક કાદરીનો જન્મ તારીખ.૬/૧/૧૯૭૦ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એક્જીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૫૦/૨૦૨૬

પ્રતિ,
શ્રી કાંતાબેન ચુનીલાલ બારૈયા,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત માઢવાડ,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ ચુનીલાલ રાજાભાઈ બારૈયા તથા પાર્વતિબેન ચુનીલાલ બારૈયાના પુત્ર મહેશભાઈ ચુનીલાલ બારૈયાનો જન્મ તારીખ.૪/૨૧/૧૯૮૪ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત માઢવડ, તાલુકો-કોડીનાર સને-૧૯૮૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એક્જીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૮/૨૦૨૬

પ્રતિ,
શ્રી હાસમભાઈ ફકીરાભાઈ ખરાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હાસમભાઈ ફકીરાભાઈ ખરાઈ તથા જીલુબેન ફકીરાભાઈ ખરાઈના પુત્રી સમીમ હાસમભાઈ ખરાઈનો જન્મ તારીખ.૭/૩/૧૯૮૧ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૧૯૮૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એક્જીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૭/૨૦૨૬

પ્રતિ,
શ્રી હનેશ અબ્દુલ ગોવાલ્સરી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હનેશ અબ્દુલ ગોવાલસરી તથા રેશમાબેન હનેશ ગોવાલસરીના પુત્રી શાબીરા હનેશ ગોવાલસરીનો જન્મ તારીખ.૨/૨/૨૦૨૦ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય સહિતના અન્ય હોદ્દેદારોની સાથે

# અમરેલીમાં અંધારપટની ફરિયાદો વચ્ચે પાલિકા પ્રમુખનું રાત્રિ ચેકિંગ

**લોકહિત માટે મહિલા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ લીધી સરપ્રાઈઝ મુલાકાત**

અમરેલી,તા.૦૩

અમરેલી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી હતી. રાત્રિના સમયે ફેલાતા અંધારાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. સામાન્ય રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કચેરીઓમાં બેસીને જ વહીવટ ચલાવતા હોય છે, પરંતુ અમરેલી નગરપાલિકાના મહિલા પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયાએ એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાગરિકોની આ ગંભીર સમસ્યાના નિવારણ માટે તેઓ રાત્રિના સમયે જાતે જ મેદાનમાં




ઉતરી આવ્યા હતા.તેમણે શહેરના વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ ગ્રાઉન્ડ ઝીરો પર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. અંધારાના કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો રૂબરૂ ચિતાર મેળવ્યા બાદ, પ્રમુખે સ્થળ પરથી જ સંબંધિત વિભાગના અધિકારીઓને તાત્કાલિક ધોરણે જરૂરી કાર્યવાહી કરી બંધ સ્ટ્રીટ લાઈટો સત્વરે શરૂ કરાવવા કડક સૂચનાઓ આપી હતી. આ રાત્રિ નિરીક્ષણ દરમિયાન પાલિકા પ્રમુખની સાથે ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય સહિતના અન્ય હોદ્દેદારો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહિલા પ્રમુખ દ્વારા હાથ ધરવામાં આવેલો આ સરાહનીય પ્રયાસ અને તેમની કર્મઠ કાર્યશૈલીને કારણે સમગ્ર શહેરમાં તેમની ભારે પ્રશંસા થઈ રહી છે.

# ચલાલાના રહીશોને ધારાસભ્ય કાકડીયાના પ્રયત્નોથી લાખો રૂપિયાની વ્યાજ માફી મળી

ચલાલા,તા.૦૩

ચલાલા શહેરની દાનેવ સોસાયટી, હુડકો-૧ અને હુડકો-૨ વિસ્તારના રહીશોના વર્ષો જૂના પ્રશ્નો ઉકેલાયા છે. ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના મકાનોમાં રહેતા આ નાગરિકોને ધારાસભ્ય જે.વી. કાકડીયાના સતત પ્રયત્નોથી લોનની બાકી રકમ પર લાખો રૂપિયાની વ્યાજ માફી મળી છે અને લોન મુક્તિ પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા સરળ બની છે. આ પ્રશ્નોના કાયમી ઉકેલ માટે ગાંધીનગર ખાતે



ધારાસભ્ય, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા, સ્થાનિક આગેવાનો અને રહીશોએ બોર્ડના અધિકારી ગણાત્રા સાથે રૂબરૂ મુલાકાત કરીને યોગ્ય રજૂઆતો કરી હતી. આ બેઠકમાં લોનની બાકી રકમ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રહીશોની સગવડતા માટે ધારાસભ્યએ મે મહિનાના અંતમાં ચલાલા નગરપાલિકા ખાતે એક વિશેષ કેમ્પ યોજવાની સૂચના આપી છે.

# ટીંબીમાં ગોકળગાય ગતિએ ચાલતા રોડના કામને લઈ આગેવાનો અને વેપારીઓમાં રોષ

જાફરાબાદ, તા. ૦૩

જાફરાબાદ તાલુકાના ટીંબી શહેરમાં સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા છેલ્લા પાંચ મહિનાથી આર.સી.સી. રોડનું કામ ચાલી રહ્યું છે. પરંતુ તંત્રની ગોકળગાય ગતિ અને નબળી ગુણવત્તાના કારણે સ્થાનિક વેપારીઓ, વાહનચાલકો અને સામાન્ય જનતા ભારે હાલાકી ભોગવી રહી છે. શહેરમાં



તસવીર : બાબુભાઈ વાઢેળ

ઠેર-ઠેર કાંકરીઓના ઢગલા, તૂટેલી ગટરો અને આડેધડ મટીરીયલના લીધે લોકોનું ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને ૬૬ કે.વી. સબ સ્ટેશન નજીક વીજ તાર નીચેથી પસાર થવું અત્યંત જોખમી સાબિત થઈ રહ્યું છે. ચોમાસું નજીક હોવા છતાં કામ અધૂરું હોવાથી અકસ્માતનો ભય વધ્યો છે. આ અંગે તાલુકા પંચાયત કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી નરેશભાઈ પ્રવીણભાઈ જાદવે તંત્રને ચીમકી આપતા જણાવ્યું છે કે જો ગુણવત્તાયુક્ત કામગીરી સાથે આ રોડ તાત્કાલિક પૂર્ણ કરવામાં નહીં આવે, તો ગ્રામજનોને સાથે રાખીને ઉગ્ર જનઆંદોલન કરવામાં આવશે.

# વડિયા ગ્રામપંચાયતની બેઠકમાં અનુ. જાતિના આગેવાનોએ વિવિધ પ્રશ્ને ઉગ્ર રજૂઆત કરી

વડિયા,તા.૦૩

કુંકાવાવ તાલુકા મથકે આવેલી વડિયા ગ્રામપંચાયતની સામાજિક ન્યાય સમિતિની બેઠક પહેલી જૂનના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં વડિયાના આંબેડકર નગરમાં રહેતા સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. તેમણે અનુસૂચિત જાતિના સ્મશાન તરફ જવાનો રસ્તો, સ્ટ્રીટલાઈટ, પીવા




તેમજ વપરાશનું પાણી અને પૂર સંરક્ષણ દીવાલ જેવા જરૂરી વિકાસ કાર્યો વહેલી તકે પૂર્ણ કરવા માટે લેખિતમાં રજૂઆત કરી હતી. વડિયાના સરપંચ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેને આ તમામ પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી હતી. જોકે, બીજી તરફ વડિયાના જ એક જાગૃત નાગરિકે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન અભણ હોવા સામે ગંભીર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ચેરમેન પદની ગરિમા જળવાતી ન હોવાની દુઃખદ લાગણી વ્યક્ત કરીને તેમના રાજીનામાની ઉગ્ર માંગણી કરતાં સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

# અમરેલી શહેરના વિસ્તારોમાં પીએનજી ગ્રાહકોએ એલપીજી જમા કરાવવા અનુરોધ

અમરેલી,તા.૦૩

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં પી.એન.જી. (પાઈપ્ડ નેચરલ ગેસ) કનેક્શનની ઉપલબ્ધતાની યાદી જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જાહેર કરવામાં આવી છે.

તંત્ર દ્વારા આ વિસ્તારોના નાગરિકોને પોતાનું પરંપરાગત એલ.પી.જી. સિલિન્ડર કનેક્શન સરેન્ડર કરી, સુરક્ષિત અને સરળ પી.એન.જી. કનેક્શન મેળવવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. શહેરના ચક્કરગઢ રોડ પર વિશ્વાસ આઈકોન, અક્ષર બંગ્લોઝ, લાઠી રોડ પર સનફ્લાવર અને પટેલ હાઈટ્સ તેમજ માણેકપરામાં શિવાલી હિલ્સ અને રામપેલેસ જેવા વિસ્તારોમાં આ સુવિધા પ્રાપ્ય છે.

આ ઉપરાંત લાઈબ્રેરી રોડ, ચિત્તલ રોડ, કેરીયા રોડ, બ્રાહ્મણ સોસાયટી, ગણેશ સોસાયટી અને લીલીયા રોડ પર આવેલા વિવિધ એપાર્ટમેન્ટ્સમાં પી.એન.જી. કનેક્શન ઉપલબ્ધ હોવાનું જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું છે.

# જિલ્લામાં ધો. ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા ૧૧ જૂનથી શરૂ

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહ)ની પૂરક પરીક્ષાઓ આગામી તા. ૧૧ થી ૨૦ જૂન, ૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. આ પૂરક પરીક્ષાના સુચારુ આયોજન અને સંચાલન અર્થે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ વર્ષે જિલ્લામાં ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા કુલ ૧૧ કેન્દ્રો પર લેવાશે, જેમાં અંદાજે ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ ઉપરાંત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૩૫૦ થી વધુ અને સામાન્ય પ્રવાહમાં અંદાજિત ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. કલેક્ટરે પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં લેવાય તે માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં જુના વાહનોના ખરીદ-વેચાણ અંગે રજિસ્ટર નીભાવવુ ફરજિયાત

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં કાયદો, વ્યવસ્થા અને સુરક્ષા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નવા હુકમ અનુસાર, સમગ્ર જિલ્લામાં કોઈપણ જૂની મોટરસાયકલ, સ્કૂટર, થ્રી-વ્હીલર કે ફોર-વ્હીલર વાહનોનું ખરીદ-વેચાણ કરનારા વેપારીઓ, માલિકો અને એજન્ટોએ નિયત નમૂનામાં એક રજિસ્ટર નિભાવવું ફરજિયાત રહેશે. આ રજિસ્ટરમાં ખરીદનાર અને વેચનાર બંનેના નામ, સરનામાં, મોબાઈલ નંબર, આઈડી પ્રૂફ, વાહન ખરીદવાનું કારણ તેમજ એન્જિન, ચેસીસ અને રજિસ્ટ્રેશન નંબર જેવી વિગતો રાખવી પડશે. આ ઉપરાંત, વાહન વેચતી વખતે ગ્રાહકને અચૂક બિલ આપવાનું રહેશે અને તેની એક નકલ પોતાની પાસે રાખવી પડશે. આ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.


સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ

સંકુલ ધો. ૧૧ સાયંસ ડેઈલી JEE - NEET ક્લાસ

સંકુલ ધો. ૧૨ સાયંસ ડેઈલી JEE - NEET ક્લાસ

ધો. ૧૦ A1 - A2 ગ્રેડને ધો. ૧૧ એક વર્ષ 50% – 25% આ.કો.સા. શરતી ફી રાહત

ધો. ૧૨ A1 - A2 ગ્રેડને ધો. ૧૨ એક વર્ષની 50% – 25% ભરેલ સ્કૂલ ફી શરતી પરત

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ

સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 091


# જૂન માસને મેલેરિયા વિરોધી માસ, જુલાઈને ડેન્ગ્યૂ વિરોધી માસ ઉજવવા અપીલ

અમરેલી,તા.૦૩

ચોમાસાની આગામી ઋતુને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે આગોતરા પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે. વર્ષાઋતુ દરમિયાન ભરાતા પાણી અને ભેજવાળા વાતાવરણને લીધે મચ્છરોની ઉત્પત્તિ ઝડપથી થાય છે. આ પરિસ્થિતિને અટકાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂન માસને ''મેલેરિયા વિરોધી માસ'' તેમજ જુલાઈ માસને ''ડેન્ગ્યુ વિરોધી માસ'' તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાવતા મચ્છરો મોટેભાગે ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ઈંડા મૂકે છે.

આથી અગાસી કે ફળિયામાં પડેલા જૂના ટાયરો, તૂટેલા વાસણો અને પક્ષીઓના કુંડા જેવા પાત્રોમાં પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી જરૂરી છે. આરોગ્ય શાખાએ લોકોને દર અઠવાડિયે આવા પાત્રો સાફ કરવા, સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવા અને શરીર પૂરેપૂરું ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા અનુરોધ કર્યો છે. વાહકજન્ય રોગોના નાશ માટે ફિલ્ડ પર આવતા આરોગ્ય કર્મચારીઓને પૂરતો સહકાર આપવા જિલ્લા મેલેરિયા અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અમરેલીમાં રિલાયન્સ ડિજિટલના મોલ મેનેજરને માથામાં કડું માર્યું

અમરેલી, તા. ૦૩

અમરેલીમાં રિલાયન્સ ડિજિટલના મોલ મેનેજરે પોતાની સાથે થયેલી મારામારી અને જાનથી મારવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવી છે. આ અંગે સત્યમભાઈ ચતુરભાઈ નસીત (ઉ.વ. ૩૩)એ લગધીરભાઈ ધાધલ તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, સત્યમભાઈના મિત્ર કાર્તિકભાઈ સાથે આરોપી લગધીરભાઈ ધાધલે ફોન ઉપર માથાકૂટ કરીને ગાળો આપી હતી. ત્યારબાદ આરોપીઓએ સત્યમભાઈને શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન અજાણ્યા ઈસમે સત્યમભાઈના માથામાં પાછળથી હાથમાં પહેરવાનું કડું મારીને ઈજા પહોંચાડી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


# લાઠીના નારાયણનગરથી પરણીતા ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા. ૦૨

લાઠીના નારાયણનગરથી એક પરણીતા ઘરેથી ચાલી નીકળી હતી. પરિવારજનો દ્વારા ઘણી શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે અંકિતભાઈ હરેશચંદ્રભાઈ સોલંકી (ઉ.વ. ૨૬)એ પોલીસ મથકે નોંધાવેલી વિગત મુજબ, તેમની પત્ની સંજુદેવી અઠવાડિયા પહેલાં કોઈને પણ કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલી ગઈ હતી.




BLUE BUDDHA

CLEARANCE SALE

| | |
|---|---|
| T-SHIRTS | @ ₹399 |
| POLOS | @ ₹499 |
| SHIRTS | @ ₹699 |
| TROUSERS | @ ₹699 |
| DENIMS | @ ₹799 |

Visit our shop today to avail Amazing Offer

SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806

■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા

www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

**વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ**

# અમરેલી આઈટીઆઈ ખાતે "તમાકુને કહો ના, જિંદગીને કહો હા" વ્યસનમુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૩

વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે સરકારી આઈ.ટી.આઈ. અમરેલી ખાતે વ્યસનમુક્તિ અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તમાકુના દૂષણોથી માહિતગાર કરી સ્વસ્થ અને નિરોગી સમાજના નિર્માણ માટે પ્રેરિત કરવાનો હતો. આ અંતર્ગત ૨૯ મે ૨૦૨૬ના રોજ "તમાકુને કહો ના, જિંદગીને કહો હા" વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં માદલીયા સુહાનીએ પ્રથમ, વેગડા ડિમ્પલે દ્વિતીય અને ધંધુકિયા મીતે તૃતીય સ્થાન મેળવ્યું



હતું. ત્યારબાદ ૧ જૂન ૨૦૨૬ના રોજ જાહેર આરોગ્ય કચેરીના સહયોગથી વિજેતા અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે સંસ્થાના ફોરમેન ઈન્સ્ટ્રક્ટરે વિદ્યાર્થીઓને પાન, મસાલા, ગુટખા અને માવા જેવા વ્યસનોની નકારાત્મક અસરો સમજાવી વ્યસનમુક્ત જીવનશૈલી અપનાવવા ખાસ અનુરોધ કર્યો હતો.

# મુખ્યમંત્રી પટેલની હાજરીમાં વિચરતી જાતિઓ માટે બગસરામાં ૧૦૪ આવાસોનું લોકાર્પણ થવાની સંભાવના

બગસરા,તા.૦૩

અમરેલી જિલ્લાના બગસરા શહેરમાં વિચરતી અને વિમુક્ત જાતિના પરિવારો માટે ખૂબ જ આનંદના સમાચાર છે. વર્ષોથી સ્થળાંતરિત જીવન જીવતા આ પરિવારોને સ્થિરતા આપવાના હેતુથી સરકાર દ્વારા ૧૦૪ નવા આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નવનિર્મિત આવાસોના લોકાર્પણ



તસવીર : હાર્દિક બામટા

અને ગૃહપ્રવેશ કાર્યક્રમ માટે આગામી ૧૫મી તારીખે રાજ્યના માનનીય મુખ્યમંત્રી બગસરાની મુલાકાતે આવે તેવી પ્રબળ શક્યતા છે. મુખ્યમંત્રીના આ સંભવિત પ્રવાસને પગલે સ્થાનિક વહીવટી તંત્ર, નગરપાલિકા અને પોલીસ વિભાગ દ્વારા હેલિપેડ, સુરક્ષા અને સ્ટેજ પ્રોટોકોલ અંગેની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. આ નવઉદ્‌ઘાટિત આવાસોમાં વીજળી, પીવાનું શુદ્ધ પાણી અને પાકા રસ્તાઓ જેવી તમામ પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આગામી એક-બે દિવસમાં મુખ્યમંત્રી કાર્યાલય તરફથી આ પ્રવાસ અંગેનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થાય તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

# લાઠીમાં બીમારીથી કંટાળી પ્રૌઢે ગળાફાંસો ખાતા મોત

લાઠી, તા. ૦૩

લાઠીમાં રહેતા અને મૂળ માલવીયા પીપરીયા ગામના પ્રૌઢે બીમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત થયું હતું.

આ અંગે લીલાબેન ભીખાભાઈ લાઠીયા (ઉ.વ. ૭૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ ભીખાભાઈ ઠાકરશીભાઈ લાઠીયા (ઉ.વ. ૭૨)ને છેલ્લા છ માસથી કિડનીની બીમારીના કારણે પેટમાં પાણી ભરાતું હતું. આ સાથે જ તેઓ ઘણા સમયથી ડાયાબિટીસની બીમારીથી પણ પીડાતા હતા, જેનાથી કંટાળી જઈને તેમણે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મરણ નીપજ્યું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના સતનામ આશ્રમ ખાતે તાલુકા-શહેરના નવનિયુક્ત હોદ્દેદારોને સન્માનિત કરાયા

સાવરકુંડલા, તા. ૦૩

સાવરકુંડલાના સતનામ આશ્રમ ખાતે તાલુકા અને શહેરના નવનિયુક્ત આગેવાનોનો સન્માન સમારોહ યોજાયો હતો. રામજીવનદાસ સાહેબના સાનિધ્યમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.આ પ્રસંગે



તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ દક્ષાબેન મુકેશભાઈ મહીડા, નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ નયનાબેન અતુલભાઈ કાપડિયા, યુવા દંડક અરવિંદભાઈ મેવાડા, તેમજ નવનિયુક્ત નગરસેવકો નિતીનભાઈ હેલૈયા અને હેતલબેન જીતુભાઈ વાઘેલાનું સન્માન કરવામાં આવ્યું હતું. આશ્રમ પરિવારે તેમને શાલ અને ફૂલહાર પહેરાવી સન્માનિત કર્યા હતા.

# લાઠીના મતીરાળા ગામની યુવતી સર્ટિફિકેટ લેવા જવાનું કહીને નીકળ્યા બાદ લાપતા

**પરિવારજનોએ લાઠી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા તપાસ શરૂ કરાઈ**

લાઠી, તા. ૦૩

લાઠીના મતીરાળા ગામની યુવતી બ્યુટી પાર્લર કોર્સનું સર્ટિફિકેટ લેવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ લાપતા બની હતી. બનાવ અંગે વિપુલભાઈ ઉકાભાઈ ધોડાસરા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી પલકબેન (ઉ.વ.૨૨)એ અમરેલી ખાતે એસ.બી.આઈ ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થામાં બ્યુટી પાર્લરનો કોર્સ કર્યો હતો. તેનું સર્ટિફિકેટ લેવા જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ તે પરત ફરી નહોતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના મોરંગી વિસ્તારમાં હીરા ઘસવાના અંગુરનો ઘા માથામાં મારી ઈજા પહોંચાડી

**મસ્તી ન કરો અને કામ કરો તેમ કહી ગાળો આપી હતી**

રાજુલા, તા. ૦૩

રાજુલાના મોરંગી એલ એન્ડ ટી વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા અજયભાઈ પરષોતમભાઈ સોલંકી (ઉ.વ.૨૫)એ નરશીભાઈ પુંજાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા સાહેદ વિક્રમભાઈ કાંતીભાઈ સોલંકી માંડળ ગામે રમેશભાઈ કોળીના હીરાના કારખાનામાં હીરા ઘસવાનું કામ કરતા કરતા મસ્તી કરતા હતા. તેમની સાથે આરોપી નરશીભાઈ પુંજાભાઈ સોલંકી કામ કરતા હતા, જેણે તેમને 'મસ્તી ન કરો અને કામ કરો' તેમ કહી મા સામે ગાળ આપી હતી. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીએ કહ્યું કે, 'તારી મા મારી ભાભી થાય છે, હું તેને ગાળ આપી શકું.' તેમ કહેતા તેમણે 'તમારે ગમે તે સંબંધ થતો હોય પણ તમારાથી ગાળ ન અપાય' તેમ કહી ગાળો આપવાની ના પાડી હતી. જેથી આરોપીને સારું નહીં લાગતા હીરા ઘસવાના લોખંડના અંગુરનો એક ઘા માથામાં મારી ત્રણ ટાંકા આવે તેવી ઈજા કરી હતી. ઉપરાંત, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના નીલવડા ગામની ૨૪ વર્ષીય યુવતી રહસ્યમય સંજોગોમાં થઈ ગુમ

બાબરા, તા. ૦૩

બાબરા તાલુકાના નીલવડા ગામેથી એક ૨૪ વર્ષીય યુવતી ગુમ થઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવતી પોતાની મરજી વિરુધ્ધ સગાઈ થતી હોવાના કારણે ઘર છોડીને ચાલી ગઈ હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું હતું. શૈલેષભાઈ રવજીભાઈ સાકરીયા (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી દક્ષાબેન (ઉ.વ.૨૪) ગત તારીખ ૨૪/૦૫/૨૦૨૬ના રોજ બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી અચાનક ક્યાંક ચાલી ગઈ હતી. તેણે ઘર છોડતા પહેલા જણાવ્યું હતું કે, 'તેને સગાઈ કરવી નથી અને તે ગમે તે મંદિરમાં જઈને બેસી જશે.' આટલું કહીને નીકળ્યા બાદ તે મોડી સાંજ સુધી પરત ફરી નહોતી. દીકરી પરત ન આવતા પરિવારજનો દ્વારા તેની આજુબાજુના વિસ્તારમાં, સગા-સંબંધીઓમાં તેમજ સંભવિત ધાર્મિક સ્થળો પર વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

# ધારીના ખીસરી ગામે પતિએ પત્નીને કુહાડીનો ઊંધો ઘા ઝીંક્યો

**પુત્રને સાથે લઈ જવા મુદ્દે દંપતી વચ્ચે ઝઘડો થયો**

ધારી, તા. ૦૩

ધારીના ખીસરી ગામે પતિએ પત્નીને કુહાડીના પાછળના બુઠ્ઠા ભાગનો ઊંધો ઘા ઝીંક્યો હતો. પુત્રને સાથે લઈ જવા બાબતે દંપતી વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો.

હીનાબેન બાલાભાઈ પાટડીયા (ઉં.વ. ૩૫)એ તેમના પતિ બાલાભાઈ કાળુભાઈ પાટડીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, પતિએ તેમને કહ્યું હતું કે, 'હું આપણા દીકરા નયનને મારી સાથે લઈ જાઉં છું.' જેથી હીનાબેને તેને સાથે લઈ જવાની ના પાડતાં આરોપી પતિને ખોટું લાગ્યું હતું અને તે ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ ગમે તેમ ગાળો આપી પત્નીને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. આ ઉપરાંત લાકડી વડે તેમના વાંસાના તેમજ પગના ભાગે ફટકા માર્યા હતા. તેમજ બાજુમાં પડેલી કુહાડી ઊંધી કરી તેનો ઘા મારતાં હીનાબેનના હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું અને પતિએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ ચોથ
તા.૦૪-૦૬-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૧૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૬-૨૦૨૬ ગુરુવાર

મેષઃ આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે.

વૃષભઃ આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે.

મિથુનઃ પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે, જેના કારણે સ્વાસ્થ્ય બગડવાની સંભાવના છે.

કર્કઃ ખૂબ જ સંવેદનશીલ અને બીજાની સંભાળ રાખનારા માનવામાં આવે છે, આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો.

સિંહઃ આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. જે લોકો નોકરી કરે છે, તેઓ આજે વરિષ્ઠોને પોતાની વાતથી પ્રભાવિત કરી શકે છે.

કન્યાઃ આ દિવસે તેમના જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો.

તુલાઃ પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો.

વૃશ્ચિકઃ આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. આજે તમે કાર્યસ્થળમાં ખૂબ વ્યસ્ત રહેશો, પરંતુ સારી વાત એ છે.

ધનઃ આ દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે.

મકરઃ આજે ઓનલાઈન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે.

કુંભઃ પરંતુ બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો.

મીનઃ આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે.

# સાવરકુંડલાના ઓળિયા ગામે પત્નીની હયાતીમાં પતિએ બીજા લગ્ન કરતાં મામલો પોલીસમાં પહોંચ્યો

**મારા બાપુજીને બતાવવા સારૂ છૂટાછેડા લઈએ કહી સહી કરાવી હતી**

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના ઓળિયા ગામે ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પત્નીની હયાતીમાં પતિએ બીજા લગ્ન કરતાં મામલો પોલીસમાં પહોંચ્યો હતો. આ અંગે હાલ સાવરકુંડલામાં રહેતા મેઘનાબેન બગડા (ઉ.વ.૨૫)એ મનીષભાઈ જયસુખભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના લગ્ન ગત તા. ૦૫/૦૨/૨૦૨૧ ના રોજ અમરેલી નગરપાલિકામાં રજીસ્ટર મેરેજથી થયા હતા. લગ્ન બાદ થોડો સમય ઘરસંસાર સારો ચાલ્યા પછી પતિ દ્વારા માનસિક ત્રાસ આપી મેણા-ટોણા મારવાનું શરૂ કરાયું હતું. પતિ મનીષે મારા પિતાજીની તબિયત સારી રહેતી નથી. આપણે મારા બાપુજીને બતાવવા સારું અત્યારે છૂટાછેડા લઈ લઈએ, પછી આપણે ફરી સાથે જ રહીશું તેમ કહ્યું હતું. પતિની વાતોમાં આવી ગયેલી પત્ની પાસે નોટરી રૂબરૂ સહી કરાવી લેવામાં આવી હતી. કાયદેસરના છૂટાછેડા થયા ન હોવા છતાં અને પ્રથમ પત્નીની હયાતી હોવા છતાં, પતિ મનીષભાઈ બગડાએ ગત તા. ૧૦/૦૫/૨૦૦૬ ના રોજ અમરેલીના ધીરૂભાઈ પ્રેમજીભાઈ વિંઝૂડાની દીકરી તરૂણાબેન સાથે બીજા લગ્ન કરી લીધા હતા. આ બાબતની જાણ થતાં જ તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જૂના માલકનેશ ગામેથી પોલીસે ૬ પત્તા પ્રેમીને ઝડપી પાડ્યા

ખાંભા, તા. ૦૩

ખાંભાના જૂના માલકનેશ ગામેથી પોલીસે ૬ શકુનીના પાસા અવળા પાડ્યા હતા. પોલીસે કુલ રૂ. ૧૦,૪૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચોથાભાઈ ખીમાભાઈ જાદવ, દકુભાઈ ધીરૂભાઈ ચારોલા, રાજુભાઈ બાબુભાઈ મકવાણા, યુસુફભાઈ ઉર્ફે સુબો ઉસ્માનભાઈ મંસુરી, લાલજીભાઈ ઉર્ફે લાલો ઉકાભાઈ સાંખટ તથા રસીકભાઈ નરશીભાઈ ચૌહાણ પટેલપરા નજીક આવેલ જુંડિયા વિસ્તારમાં જાહેર જગ્યામાં ગંજી પત્તા વડે 'તીન પત્તી' નામનો પૈસાની હાર-જીતનો જુગાર રમતા રોકડ રૂ. ૧૦,૪૩૦ સાથે ઝડપાયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. એચ. મહેતા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી ૨૮ પ્યાસી પકડાયા, ૨૪ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો

અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે લાલ આંખ કરી છે. જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૨૮ પ્યાસી પકડાયા હતા, જ્યારે ૨૪ લોકો પાસેથી દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. વડીયા ટાઉનમાંથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની એક બોટલ મળી આવી હતી.

# જિલ્લામાંથી ૧૦ પ્યાસી પકડાયા

અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૦ પ્યાસી ઝડપી પાડ્યા હતા. મોટા દેવળીયા, બાબરા, ધારી, અમરેલી, રાજુલા અને સાવરકુંડલામાંથી ૧૦ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજુલા પંથકમાં પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર

**ગંભીર હાલતમાં મહુવાની હોસ્પિટલમાં દાખલ**

રાજુલા, તા.૦૩

રાજુલા પંથકમાં એક પરિણીતાએ વારંવાર કસુવાવડ (ગર્ભપાત) થવાના દુઃખ અને માનસિક કંટાળાના કારણે પોતાના જ ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પરિણીતાને ગંભીર હાલતમાં સારવાર અર્થે મહુવાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.મળતી વિગતો મુજબ, રાજુલા પંથકમાં રહેતા ઉષાબેનના લગ્ન આજથી બે વર્ષ પહેલાં થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ત્યાં કોઈ સંતાનનો જન્મ થયો નહોતો. આ સમયગાળા દરમિયાન તેમને ત્રણ વખત અઢીથી ત્રણ મહિને કસુવાવડ થઈ ગઈ હતી. સંતાન સુખ ન મળવાને કારણે અને વારંવાર શારીરિક-માનસિક પીડામાંથી પસાર થવાના લીધે તેઓ ભારે કંટાળી ગયા હતા અને માનસિક તણાવમાં રહેતા હતા. બે દિવસ પહેલાં તેમણે પોતાના ઘરના રૂમમાં પંખા સાથે ઓછાડ બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તાત્કાલિક રૂમમાં દોડી ગયા હતા અને તેમને નીચે ઉતારી, ગંભીર હાલતમાં તાબડતોબ મહુવાની ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કર્યા હતા. રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# પાણી હવે વિકાસનો મુદ્દો નથી અસ્તિત્વનો સવાલ છે

સૌરાષ્ટ્ર અને કચ્છની ધરતી સદીઓથી પાણીની અછત સામે સંઘર્ષ કરતી આવી છે. અહીંના લોકો માટે વરસાદ માત્ર ઋતુ નથી, પરંતુ જીવનનો આધાર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વરસાદની અનિશ્ચિતતા, વધતું શહેરીકરણ, ખેતીમાં વધતો પાણીનો વપરાશ અને ભૂગર્ભ જળના અતિશય શોષણને કારણે આ પ્રદેશમાં ભૂગર્ભ જળસ્તર ચિંતાજનક રીતે નીચે જઈ રહ્યું છે. આજે અનેક ગામો અને શહેરોમાં બોરવેલની ઊંડાઈ સતત વધી રહી છે, છતાં પૂરતું પાણી મળતું નથી. આ સ્થિતિ માત્ર પાણીની સમસ્યા નથી, પરંતુ ભાવિ પેઢીઓના અસ્તિત્વ સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભૂગર્ભ જળસ્તર ઘટવાનું સૌથી મોટું કારણ કુદરતી જળસ્ત્રોતો પર વધતું દબાણ છે. ખેતી માટે મોટા પ્રમાણમાં પાણીની જરૂરિયાત ઊભી થઈ છે. કપાસ, શેરડી, ઘઉં અને બાગાયતી પાકોના વિસ્તાર વધતાં ખેડૂતો વધુ ઊંડા બોરવેલ ખોદી રહ્યા છે. ભૂગર્ભમાંથી સતત પાણી ખેંચાતું રહે છે, પરંતુ વરસાદી પાણી જમીનમાં પૂરતા પ્રમાણમાં ઉતરી શકતું નથી. પરિણામે જળભંડાર ખાલી થતા જાય છે.આબોહવા પરિવર્તન પણ આ સંકટને વધુ ગંભીર બનાવી રહ્યું છે. ક્યારેક અતિ ભારે વરસાદ પડે છે તો ક્યારેક લાંબા સમય સુધી વરસાદ જ પડતો નથી. ભારે વરસાદનું પાણી ઝડપથી દરિયામાં વહી જાય છે અને જમીનમાં ઉતરવાની તક મળતી નથી. બીજી તરફ લાંબા સુકાકાળના કારણે ભૂગર્ભ જળના પુનર્ભરણની પ્રક્રિયા નબળી પડી જાય છે. આ પરિસ્થિતિ ખાસ કરીને કચ્છ અને પશ્ચિમ સૌરાષ્ટ્રમાં વધુ સ્પષ્ટ જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં પણ સમસ્યા ઓછી ગંભીર નથી. શહેરોના વિસ્તરણ સાથે જમીન પર કોંક્રિટનું આવરણ વધ્યું છે. રસ્તાઓ, ઈમારતો અને પેવરમેન્ટના કારણે વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી. જે પાણી પહેલાં કુદરતી રીતે જમીનમાં સમાઈ જતું હતું તે હવે ગટરો અને નાળાઓ મારફતે સીધું જ દરિયામાં પહોંચે છે. પરિણામે ભૂગર્ભ જળના સંગ્રહમાં સતત ઘટાડો થાય છે.

આ સંકટનો ઉકેલ માત્ર સરકાર કે માત્ર સમાજ પાસે નથી. બંનેના સંયુક્ત પ્રયાસોથી જ સ્થાયી પરિણામો મળી શકે. સૌપ્રથમ વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના પુનર્ભરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી પડશે. ગામડાઓમાં ચેકડેમ, તળાવો, ખેત તળાવડી અને રિચાર્જ કૂવાઓનું વ્યાપક જાળું ઊભું કરવું જરૂરી છે. છેલ્લા બે દાયકામાં સૌરાષ્ટ્રમાં ચેકડેમ આંદોલનથી સકારાત્મક પરિણામો મળ્યાં છે, પરંતુ હવે તેને વધુ વૈજ્ઞાનિક અને વ્યાપક સ્વરૂપ આપવાની જરૂર છે. શહેરોમાં વરસાદી પાણીના સંગ્રહને ફરજિયાત બનાવવું જોઈએ. દરેક રહેણાંક અને વ્યાવસાયિક ઈમારતમાં રેઈનવોટર હાર્વેસ્ટિંગની અસરકારક વ્યવસ્થા હોવી જોઈએ. માત્ર નિયમો બનાવવા પૂરતું નથી, પરંતુ તેના અમલીકરણ પર પણ ભાર મૂકવો પડશે. વરસાદનું એક-એક ટીપું જમીનમાં ઉતરે તેવો અભિગમ અપનાવવો જરૂરી છે. ખેતી ક્ષેત્રમાં પાણી બચતની આધુનિક પધ્ધતિઓને પ્રોત્સાહન આપવું સમયની માંગ છે. ટપક સિંચાઈ અને સ્પ્રિંકલર જેવી પધ્ધતિઓ પાણીનો વ્યય ઘટાડે છે. ઓછા પાણીમાં સારી ઉપજ આપતા પાકોને પ્રોત્સાહન આપવાથી પણ જળસંકટને નિયંત્રિત કરી શકાય છે. ખેડૂતોમાં પાણીના વૈજ્ઞાનિક ઉપયોગ અંગે જાગૃતિ લાવવી એટલી જ જરૂરી છે જેટલી નવી ટેકનોલોજી ઉપલબ્ધ કરાવવી.

પાણી બચાવવાના નિર્ણયો આજે લેવામાં આવશે તો જ આવતીકાલની પેઢીઓને જીવનદાયી જળનો વારસો મળી શકશે.

# (વિશ્વ પર્યાવરણ દિવસ) કૃત્રિમ બુદ્ધિ એટલે કે AI ની મદદથી પર્યાવરણનુ જતન પણ થઈ શકે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આજનો યુગ ટેકનોલોજીનો યુગ છે. જેમ જેમ માનવ સભ્યતા આગળ વધી રહી છે, તેમ તેમ પર્યાવરણ પર વધતી જતી સમસ્યાઓ પણ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. ગ્લોબલ વૉર્મિંગ, જંગલોનો વિનાશ, પ્રદૂષણ, જૈવ વિવિધતાનો હ્રાસ અને જળવાયુ પરિવર્તન જેવી સમસ્યાઓ માનવજાતના અસ્તિત્વ માટે ગંભીર પડકાર બની છે. આવી સ્થિતિમાં, કૃત્રિમ બુદ્ધિ (AI) એક સકારાત્મક અને અસરકારક સાધન તરીકે ઉભરી આવ્યું છે. એઆઈની મદદથી આપણે પર્યાવરણનું જતન કઈ રીતે કરી શકીએ, તેના વિવિધ પાસાઓની ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે.

ઊર્જા વ્યવસ્થાપનમાં એઆઈનો ફાળો મહત્વપૂર્ણ છે. ઊર્જાનો બિનજરૂરી ઉપયોગ અને ઉર્જાનું ઉત્પાદન એ પર્યાવરણ પ્રદૂષણના મુખ્ય કારણો પૈકી એક છે. એઆઈ સ્માર્ટ ગ્રીડ સિસ્ટમ દ્વારા વીજળીના વિતરણને વધુ કાર્યક્ષમ બનાવી શકે છે. સ્માર્ટ મીટર અને સેન્સરથી મળતા ડેટાનું વિશ્લેષણ કરીને એઆઈ ઊર્જાની માંગને સમજી શકે છે અને તે મુજબ વીજળીનું ઉત્પાદન અને વિતરણ નિયંત્રિત કરી શકે છે. આનાથી ઊર્જાનો બગાડ ઘટે છે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

તદુપરાંત, નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતો જેવા કે સૌર અને પવન ઊર્જાનું પૂર્વાનુમાન કરવામાં પણ એઆઈ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. વાતાવરણીય ડેટાનું વિશ્લેષણ કરીને, એઆઈ આગાહી કરી શકે છે કે ક્યારે સૂર્યપ્રકાશ વધુ મળશે કે પવન ક્યારે પૂરતા પ્રમાણમાં આવશે. આનાથી નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોનો મહત્તમ લાભ લઈ શકાય છે.પ્રદૂષણ નિયંત્રણ અને નિરીક્ષણ પણ એ આઈની મદદ થી થાય છે.

વાયુ, જળ અને જમીન પ્રદૂષણનું નિરીક્ષણ એ પર્યાવરણ સંરક્ષણનો મહત્વપૂર્ણ ભાગ છે. એઆઈ-સંચાલિત સેન્સર નેટવર્ક દ્વારા વાસ્તવિક સમયમાં પ્રદૂષણના સ્તરને માપી શકાય છે. આ સિસ્ટમો મોટા પ્રમાણમાં ડેટા એકત્ર કરીને અને તેનું વિશ્લેષણ કરીને પ્રદૂષણના સ્ત્રોતો અને તેના ફેલાવાની પેટર્ન શોધી શકે છે. ઉદાહરણ તરીકે, ચીનમાં ઉપયોગમાં લેવાતી એઆઈ-આધારિત વાયુ ગુણવત્તા નિરીક્ષણ સિસ્ટમ પ્રદૂષણના સ્તરને ઘટાડવામાં સફળ રહી છે.

વધુમાં, ઉદ્યોગોમાં થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે પણ એઆઈ મદદરૂપ થઈ શકે છે. ફેક્ટરીઓમાં મશીન લર્નિંગ એલ્ગોરિધમ્સ દ્વારા ઉત્સર્જનના સ્તરનું પૂર્વાનુમાન અને નિયંત્રણ કરી શકાય છે. જ્યારે પણ ઉત્સર્જન નિર્ધારિત મર્યાદાથી વધુ થવાની સંભાવના હોય, ત્યારે એઆઈ સિસ્ટમ તાત્કાલિક સુધારાત્મક પગલાં સૂચવી શકે છે.

જૈવવિવિધતાનું સંરક્ષણ પણ એ આઈ ની મદદ થી થઈ શકે છે.જૈવવિવિધતાના રક્ષણમાં પણ એઆઈ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ડ્રોન અને સેટેલાઈટ ઈમેજરીના ઉપયોગથી, એઆઈ વન્યજીવનનું નિરીક્ષણ અને ટ્રેકિંગ કરી શકે છે. મશીન લર્નિંગ એલ્ગોરિધમ્સ વન્ય પ્રાણીઓની પ્રજાતિઓને ઓળખી શકે છે, તેમની વસ્તી ગણતરી કરી શકે છે અને તેમની હિલચાલની પેટર્ન સમજી શકે છે. આ માહિતી સંરક્ષણવાદીઓને લુપ્તપ્રાય પ્રજાતિઓના રક્ષણ માટે વધુ સારી યોજના બનાવવામાં મદદ કરે છે.

સમુદ્રી જૈવવિવિધતાના સંરક્ષણ માટે પણ એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. ઉદાહરણ તરીકે, દરિયાઈ ઘોંઘાટ પ્રદૂષણને ઘટાડવા અને દરિયાઈ જીવોને થતા નુકસાનને ઓછું કરવા માટે એઆઈ-આધારિત સિસ્ટમો કાર્યરત છે. વ્હેલ માછલી જેવા દરિયાઈ પ્રાણીઓના સ્વર ઓળખીને, એઆઈ તેમના રૂટ અને વર્તનનો અભ્યાસ કરી શકે છે.

કચરો વ્યવસ્થાપન અને રિસાયક્લિંગ પણ એ આઈ ની મદદ થી થઈ શકે છે.શહેરીકરણ સાથે વધતો જતો કચરો એ પર્યાવરણ માટે મોટી સમસ્યા છે. એઆઈ કચરાના વર્ગીકરણ અને રિસાયક્લિંગ પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવી શકે છે. રોબોટિક આર્મ્સ સાથે જોડાયેલી એઆઈ સિસ્ટમો વિવિધ પ્રકારના કચરાને (પ્લાસ્ટિક, કાગળ, કાચ, ધાતુ) ઓળખીને અલગ કરી શકે છે. આના કારણે રિસાયક્લિંગ પ્રક્રિયા વધુ ઝડપી અને અસરકારક બને છે, અને લેન્ડફિલમાં જતા કચરાનું પ્રમાણ ઘટે છે.

સ્માર્ટ ડસ્ટબીન અને કચરો સંગ્રહણ પ્રણાલીમાં પણ એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. આ સિસ્ટમો કચરાના સ્તરનું નિરીક્ષણ કરે છે અને ભરાઈ જવા પર સંબંધિત અધિકારીઓને જાણ કરે છે, જેથી સમયસર કચરો એકત્ર કરી શકાય અને શહેરો સ્વચ્છ રહે.

ખેતી અને જળ વ્યવસ્થાપન પણ એ આઈ ની મદદથી થઈ શકે છે.ખેતીમાં પાણી, ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડવામાં એઆઈ મદદરૂપ થઈ શકે છે. પ્રિસિઝન ફાર્મિંગ નામની તકનીક દ્વારા, એઆઈ જમીનના પ્રકાર, હવામાનની સ્થિતિ, પાકની જરૂરિયાતો વગેરેનું વિશ્લેષણ કરીને ખેડૂતોને જણાવી શકે છે કે ક્યારે, કેટલું અને કયા પ્રકારનું ખાતર, પાણી કે જંતુનાશક વાપરવું. આનાથી ઓછા સ્ત્રોતોમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે અને પર્યાવરણ પર નકારાત્મક અસર પણ ઘટે છે.

જળ સંસાધનોનું વ્યવસ્થાપન પણ પર્યાવરણ માટે મહત્વપૂર્ણ છે. એઆઈ સેન્સર દ્વારા જળાશયોમાં પાણીના સ્તર, ગુણવત્તા અને ઉપયોગનો ડેટા એકત્રિત કરી શકાય છે. લીકેજ શોધવા, પાણીનો બગાડ ઘટાડવા અને સિંચાઈ પ્રણાલીને ઑપ્ટિમાઈઝ કરવા માટે પણ એઆઈ અસરકારક છે.

વાયુ પરિવર્તનની આગાહી અને નિયંત્રણ પણ એ આઈની મદદથી થઈ શકે છે.જળવાયુ પરિવર્તનની અસરોને સમજવા અને તેનો સામનો કરવા માટે ચોક્કસ આગાહી જરૂરી છે. એઆઈ જટિલ વાતાવરણીય ડેટાનું વિશ્લેષણ કરીને વાવાઝોડા, પૂર, દુષ્કાળ જેવી પ્રાકૃતિક આપત્તિઓની આગાહી વધુ ચોકસાઈ સાથે કરી શકે છે. આનાથી પૂરતા સમય પહેલા લોકોને સાવચેત કરી શકાય છે અને જાન-માલનું નુકસાન ઘટાડી શકાય છે.

એ આઈ ના ઉપયોગના પડકારો અને મર્યાદાઓ પણ નજર અંદાજ ન કરી શકાય. એઆઈના પર્યાવરણીય ઉપયોગો અસંખ્ય હોવા છતાં, તેની કેટલીક મર્યાદાઓ અને પડકારો પણ છે. સૌપ્રથમ, એઆઈ સિસ્ટમોને ચલાવવા માટે મોટા પ્રમાણમાં ઊર્જાની જરૂર પડે છે. ડેટા સેન્ટર અને કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે કાર્બન ઉત્સર્જન વધી શકે છે. એઆઈ ટેકનોલોજી પોતે જ પર્યાવરણ પર નકારાત્મક અસર ન કરે તેની ખાતરી કરવી જરૂરી છે.

બીજું, એઆઈ સિસ્ટમો અસરકારક બનવા માટે મોટા પ્રમાણમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા ડેટા પર આધાર રાખે છે. વિકાસશીલ અને અવિકસિત દેશોમાં ડેટાની ઉપલબ્ધતા અને ગુણવત્તા એક પડકાર છે. વધુમાં, એઆઈ સિસ્ટમોને ડિઝાઈન અને અમલ કરવા માટે ખર્ચ અને કુશળતાની જરૂર પડે છે, જે સર્વગ્રાહી ઉપયોગમાં અવરોધરૂપ બને છે.


ત્રીજું, એઆઈ ટેકનોલોજીનો દુરુપયોગ પણ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, તેનો ઉપયોગ પર્યાવરણીય નિયમોને બાયપાસ કરવા અથવા ડેટા હેરફેર માટે થઈ શકે છે. તેથી, એઆઈના ઉપયોગ માટે યોગ્ય નિયમનકારી માળખું બનાવવું જરૂરી છે.

ભારતના સંદર્ભમાં સંભાવનાઓ પણ અસીમ છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં એઆઈ પર્યાવરણીય સમસ્યાઓના નિવારણ માટે મોટી સંભાવનાઓ રજૂ કરે છે. વધતા પ્રદૂષણ અને ઔદ્યોગિકરણના કારણે પર્યાવરણીય પડકારો વિકરાળ બનતા જાય છે. એઆઈ-આધારિત ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમો શહેરોમાં વાહનોના ઉત્સર્જનને ઘટાડી શકે છે. ગંગા નદી જેવી નદીઓના સ્વચ્છતા અભિયાનમાં એઆઈનો ઉપયોગ કરીને પ્રદૂષણના સ્ત્રોતો શોધી શકાય છે. આપણે બધાએ આ ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને આવનારી પેઢીઓ માટે વધુ સ્વચ્છ, લીલો અને સુરક્ષિત ગ્રહ છોડવાનો પ્રયાસ કરવો જોઈએ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૩૭ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૭૧ |
| જુવાર સફેદ | ૯૪૦ | ૧૦૯૨ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૯૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૨૩ |
| બાજરી | ૩૫૦ | ૪૯૨ |
| મકાઇ | ૩૪૦ | ૪૩૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૫૧૧ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| મગ | ૧૩૦૫ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૭૮૦ | ૧૦૫૦ |
| ચોળી | ૫૫૦ | ૧૫૪૦ |
| વટાણા | ૬૫૦ | ૯૧૧ |
| કળથી | ૩૭૫ | ૮૦૧ |
| રાજમા | ૪૯૦ | ૧૬૩૩ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૭૫૦ |
| મગફળી જાડી | ૧૨૬૫ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૫૭૫ |
| તલી | ૧૮૮૦ | ૨૪૦૦ |
| સુરજમુખી | ૮૧૦ | ૧૨૬૦ |
| એરંડા | ૧૦૩૨ | ૧૩૧૮ |
| અજમો | ૧૨૦૦ | ૨૮૪૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૩૧૧ | ૧૫૭૦ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૩૫૦ | ૩૫૬૦ |
| લસણ | ૧૦૫૦ | ૧૯૦૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૪૬૬ |
| ધાણી | ૨૩૪૦ | ૨૫૦૫ |
| વરીયાળી | ૧૨૦૦ | ૨૦૧૨ |
| જીરૂ | ૩૩૪૦ | ૩૮૭૫ |
| રાય | ૧૨૫૦ | ૧૭૪૦ |
| મેથી | ૧૧૨૫ | ૧૮૩૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૩૧૪૦ | ૩૪૪૯ |
| રાયડો | ૧૨૧૦ | ૧૪૧૦ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૭૦૦૦ |
| ગુવારનું બી | ૧૦૨૫ | ૧૧૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૫૩ | ૫૮૦ |
| લીંબુ | ૧૦૧૫ | ૧૯૮૩ |
| સાકરટેટી | ૧૧૫ | ૨૮૦ |
| તરબુચ | ૧૦૭ | ૨૨૪ |
| પપૈયા | ૯૩ | ૧૮૨ |
| બટેટા | ૧૦૩ | ૨૭૬ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૮૧ |
| ટમેટા | ૪૦૭ | ૭૫૫ |
| સુરણ | ૮૧૧ | ૧૦૨૬ |
| કોથમરી | ૫૫૦ | ૮૨૪ |
| રીંગણા | ૧૨૧ | ૨૮૬ |
| કોબીજ | ૧૦૫ | ૨૦૩ |
| ફ્લાવર | ૩૧૧ | ૬૭૯ |
| ભીંડો | ૨૬૬ | ૫૨૧ |
| ગુવાર | ૩૧૩ | ૮૮૫ |
| ચોળાસીંગ | ૪૮૩ | ૬૯૨ |
| ટીંડોળા | ૩૭૭ | ૭૫૮ |
| દુધી | ૧૧૯ | ૨૧૦ |
| કારેલા | ૨૮૧ | ૫૩૩ |
| સરગવો | ૩૦૧ | ૬૧૪ |
| તુરીયા | ૪૯૩ | ૭૮૫ |
| પરવર | ૫૨૫ | ૭૬૯ |
| કાકડી | ૩૧૨ | ૫૧૬ |
| ગાજર | ૩૧૩ | ૫૩૬ |
| વટાણા | ૧૦૩૩ | ૧૫૯૬ |
| ગલકા | ૧૪૩ | ૨૮૮ |
| બીટ | ૧૫૩ | ૨૮૧ |
| મેથી | ૭૯૧ | ૧૨૨૧ |
| ડુંગળી લીલી | ૬૯૧ | ૧૦૧૧ |
| આદુ | ૧૫૬૯ | ૧૭૭૯ |
| મરચા લીલા | ૫૧૫ | ૬૯૫ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૮૬ |
| ગુંદા | ૨૧૧ | ૪૩૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૮૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૩૦ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૭૬૧ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૨૦૪૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૩૩૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૪૧ |
| કલંજી | ૧૩૦૧ | ૩૪૫૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૩૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૪૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૪૩૧ |
| અડદ | ૫૦૧ | ૧૬૧૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૩૧ |
| રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| રાયડો | ૧૦૦૧ | ૧૪૦૦ |
| રાય | ૧૬૪૧ | ૧૬૭૧ |
| મેથી | ૮૭૬ | ૧૩૯૧ |
| સુવાદાણા | ૮૦૧ | ૮૦૧ |
| મરચા | ૧૦૦૧ | ૬૦૦૧ |
| મગફળી જાડી | ૧૧૨૧ | ૧૫૧૧ |
| ધાણી | ૧૮૦૧ | ૨૮૦૧ |
| જુવાર | ૮૫૧ | ૧૦૫૧ |
| મકાઇ | ૨૩૧ | ૫૦૧ |
| મગ | ૯૭૬ | ૧૮૦૧ |
| વાલ | ૫૭૬ | ૯૨૬ |
| વાલ પાપડી | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ચોળા / ચોળી | ૯૫૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૫૧૧ |
| અજમાં | ૩૨૬ | ૧૪૨૬ |
| અરીઠા | ૫૭૬ | ૫૭૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૩૦૦ | ૯૪૧ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૧૦ | ૧૧૫૫ |
| શિંગ ગીરનાર | ૧૧૦૦ | ૧૨૭૦ |
| શિંગ મોટી | ૧૦૮૦ | ૧૪૮૦ |
| શિંગદાણા | ૧૬૮૦ | ૨૧૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૧૦ |
| તલ સફેદ | ૧૧૨૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૬૦૦ |
| તલ કાશમીરી | ૨૦૫૦ | ૨૩૪૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૮૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ચણા | ૮૧૫ | ૧૧૭૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૮૫ |
| વટાણા | ૬૫૦ | ૬૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૩૫ |
| કપાસ | ૧૦૪૦ | ૧૮૩૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૮૫૦ | ૩૩૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૬૩૫ |
| ધાણી | ૧૯૧૦ | ૨૫૪૦ |
| મેથી | ૧૦૩૫ | ૧૪૬૫ |
| સોયાબીન | ૧૨૯૫ | ૧૪૩૦ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૦૮૫ |
| છોલે ચણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૯૦ | ૨૭૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૩૫૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૩૦ | ૧૦૨૦ |
| પાકી કેરી | ૭૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૯૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૫૦ | ૫૫૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૧૦ |
| બીટ | ૩૫૦ | ૪૫૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૪૦૦ |
| લસણ સુકું | ૧૧૫૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૫૦ | ૬૨૦ |
| લીંબુ | ૫૦૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૪૦ | ૧૪૯૧ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૬૨૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૬૯૫ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૪૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૧૦ |
| બાજરો | ૩૦૦ | ૫૧૫ |
| જુવાર | ૬૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| દેશી ચણા | ૧૦૪૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૮૫ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૨૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૨૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૬૦ | ૧૩૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૧ | ૪૫૩ |
| ચણા | ૧૧૨૫ | ૧૧૫૭ |
| તુવેર | ૯૨૦ | ૧૪૦૫ |
| ધાણા | ૨૪૦૦ | ૨૪૨૦ |
| તલ સફેદ | ૨૧૯૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૧૬૧૧ | ૨૪૧૦ |
| એરંડા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| કલોંજી | ૩૦૦૧ | ૩૦૦૧ |
| શીંગ દાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| શીંગ ફાડા | ૧૫૧૨ | ૧૫૩૫ |
| રાઈ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૫૫૬ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ઘઉ લોકવન | ૩૫૦ | ૪૫૫ |
| ઘઉ ટુકડા | ૪૪૩ | ૪૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૬૦ |
| શીંગદાણા | ૧૬૪૦ | ૧૭૪૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૧૮૧૦ | ૨૨૫૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૩૦ |
| રાયડો | ૧૨૩૧ | ૧૨૩૧ |
| સોયાબીન | ૧૨૧૨ | ૧૪૩૧ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૮૨૬ |
| કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૧૦ |
| જીરૂ | ૨૯૨૦ | ૩૭૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉ | ૪૬૫ | ૫૧૫ |
| મગ | ૧૩૯૦ | ૧૬૫૦ |
| તલ કાળા | ૨૬૬૦ | ૩૩૦૦ |
| તલ સફેદ | ૧૪૪૫ | ૨૩૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૦૬ |
| અડદ | ૯૦૧ | ૧૫૬૬ |
| તુવેર | ૮૫૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૪૧૬ |
| જીરૂ | ૧૫૦૧ | ૩૫૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૫૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૦૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૫૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૩૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૮૧૬ |
| શિંગફાડા | ૧૦૫૧ | ૧૭૧૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૩૬ |
| **મહુવા** | | |
| શીંગ જી-૨૦ | ૧૦૬૦ | ૧૨૬૫ |
| જુવાર | ૩૮૧ | ૧૦૬૦ |
| બાજરી | ૩૫૬ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૨૩ | ૫૧૭ |
| મકાઈ | ૩૫૦ | ૪૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૬૭૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૫૩૬ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૧૬ |
| કપાસ શંકર | ૧૫૫૦ | ૧૭૪૨ |
| નાળીયેર | ૬૭૦ | ૨૦૦૦ |
| શીંગ ઉનાળુ મગડી | ૧૧૯૩ | ૧૬૫૦ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૧૫૦ | ૧૬૩૩ |
| શીંગ ગીરનારી | ૧૨૯૨ | ૧૨૯૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૩૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૦૫ | ૪૮૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૮૦ |
| જુવાર | ૭૫૫ | ૧૦૩૧ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૪૨૫ |
| **જામનગર** | | |
| બાજરો | ૯૦૦ | ૯૭૦ |
| જુવાર | ૯૦૦ | ૯૭૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૫૫ |
| અડદ | ૯૫૫ | ૧૫૭૦ |
| તુવેર | ૫૦૦ | ૧૩૯૫ |
| ચોળી | ૯૦૫ | ૧૪૮૦ |
| વાલ | ૮૫૦ | ૧૩૦૫ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૪૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળીજાડી | ૧૦૫૦ | ૧૫૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૪ |
| તલ | ૧૫૦૦ | ૨૩૫૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૩૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૯૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૭૫ |
| કપાસ | ૧૦૦૫ | ૧૭૨૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૭૪૦ |
| અજમો | ૨૧૩૫ | ૩૬૦૫ |
| અજમાની ભૂસી | ૩૦ | ૨૫૯૫ |
| ધાણા | ૨૧૦૦ | ૨૫૮૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૭૦ | ૭૮૦ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૩૩૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૧૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૬૦૦ |
| કપાસ | ૧૩૦૧ | ૧૭૯૦ |
| બાજરો | ૩૫૧ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૩૦૧ | ૫૦૦ |
| જુવાર | ૫૧૧ | ૧૧૦૦ |
| મગ | ૯૨૫ | ૧૬૦૧ |
| તુવેર | ૭૦૦ | ૧૩૦૧ |
| ચણા | ૭૦૦ | ૧૧૪૫ |
| ધાણા | ૨૦૫૦ | ૨૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૧૪૬૧ | ૧૪૬૧ |
| રાય | ૧૨૩૧ | ૧૬૦૦ |

## શબ્દ સંજોગ-૨૨૦૮




**આડી ચાવી :**
(૧) બેસવાની જગ્યા (૩)
(૩) આજી નદીના કાંઠે વસેલું શહેર (૪)
(૬) પ્રવાહ (૩)
(૭) મહિલાઓને ભાવતી એક વાનગી (૩)
(૮) પ્રશ્ન (૩)
(૧૦) પોપટ (૨)
(૧૨) ચણિયારામાં ફરતો કમાડનો ખીલો (૨)
(૧૪) સમજણ,અકકલ (૨)
(૧૭) શિખામણ (૩)
(૧૯) લોકોનો મત (૪)
(૨૩) ખોળ,તપાસ (૨)
(૨૪) મુંબઈની....., મુંબઈમાં સમાણી (૩)
(૨૬) પત્તાંની એક રમત (૨)
(૨૭) મર્યાદા પુરૂષોત્તમ ભગવાન (૨)
(૨૯) સ્ત્રવવું-ઝરવું ચૂવું કે ટપકવું તે (૨)
(૩૦) એક પક્ષી (૩)
(૩૧) રસ્તામાં મુસાફરને પાણી પાવાની ધર્માદા જગ્યા (૩)
(૩૨) એક ઝાડ (૩)

**ઉભી ચાવી :**
(૧) દિલાસો,સાંત્વન (૪)
(૨) નવલું,આશ્ચર્ય કારક (૩)
(૩) પાટણ શહેરમાં આવેલી વાવ (૩)
(૪) ક્રોધ,રોષ (૨)
(૫) મીઠી ટીકા,વક્રોકિત (૩)
(૯) મરનારની મિલકતનો હકદાર (૩)
(૧૧) નિબંધ,નાનું પુસ્તક (૩)
(૧૩) એક અટક (૨)
(૧૫) જગ્યા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
(૧૬) હથેળીના અંગૂઠાના ટેરવાથી તે ટચલી આંગળીના ટેરવા સુધીનું અંતર (૨)
(૧૮) મહારાષ્ટ્રનું એક લોકનૃત્ય (૩)
(૨૦) અરધી રાત (૪)
(૨૧) તદ્દન,સાવ (૨)
(૨૨) લાકડાં વહેરવાનું એક ઓજાર (૪)
(૨૫) બિલાડો (૩)
(૨૮) ગઝલની છેલ્લી ટૂંક (૩)
(૩૦) જોર,શકિત (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૭ જવાબ

**આડી ચાવી** : (૧) કમકાળ (૩) કચરો (૫) કર્ણિક (૭) પરેડ (૯) કારસિયો (૧૧) પ્રાંત (૧૨) બર (૧૫) જનેતા (૧૮) લિબાસ (૨૦) લિહાજ (૨૨) વી (૨૩) પ્રકાર (૨૪) કપૂર (૨૫) ખતા (૨૬) ડોડ (૨૯) રજા (૨૯) ડતાપત્રી (તાડપત્રી).
**ઉભી ચાવી** : (૧) કર્ણ (૨) ઠાકરે (૩) કર્ણિકા (૪) ચાકર (૬) છાંયો (૭) પત (૮) ડબ (૧૦) સિકકો (૧૧) પ્રાંજલિ (૧૩) રજક (૧૪) માસ (૧૬) તાલિકા (૧૭) બૂજ (૧૯) બારાપૂજા (૨૧) હારડો (૨૩) પ્રતાપ (૨૪) કર (૨૫) ખતા (૨૭) ડટ્ટો

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજ્યમાં ૧૮૦૮ મુખ્ય શિક્ષકોની જગ્યાઓ ભરવા શિક્ષણ વિભાગે પરિપત્ર બહાર પાડ્યો

અમદાવાદ,તા.૦૩

રાજ્યના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રમાં વહીવટી અને શૈક્ષણિક કાર્યને વેગ આપવા માટે શિક્ષણ વિભાગે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. લાંબા સમયથી ખાલી પડેલી એચટાટ (HTAT) મુખ્ય શિક્ષકોની ૧૮૦૮ જગ્યાઓ ભરવા માટે વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણય અન્વયે તમામ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક



ધોરણે જરૂરી દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ કરી ભરતી પ્રક્રિયા ઝડપથી શરૂ કરવાના આદેશો આપવામાં આવ્યા છે.શિક્ષણ વિભાગે આ ભરતી પ્રક્રિયા ૧:૧:૨ ના રેશિયો મુજબ હાથ ધરવાનું નક્કી કર્યું છે, જે અંતર્ગત સીધી ભરતી, બઢતી અને ખાસ સ્પર્ધાત્મક એટલે કે સેમી ડાયરેક્ટ પરીક્ષા દ્વારા યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. મુખ્ય શિક્ષકોની અછતને કારણે રાજ્યની અનેક પ્રાથમિક શાળાઓમાં સંચાલન સંબંધિત મોટા પડકારો ઊભા થતા હતા, જે હવે આ નવી નિમણૂકોથી દૂર થશે. આ ઉપરાંત, આગામી અંદાજપત્રની તૈયારીઓ પૂર્વે નવી જગ્યાઓની જરૂરિયાત અંગેની દરખાસ્તો મોકલવા પણ સૂચના અપાઈ છે, જેથી રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા અને વ્યવસ્થાપનમાં મોટો સુધારો જોવા મળશે.

# સુરતના સરથાણા જકાતનાકા પાસે નશાખોર કાર ચાલકે પાંચને ફંગોળ્યા

સુરત,તા.૦૩

સુરતના સરથાણા જકાતનાકા વિસ્તારમાં ફરી એકવાર નશાખોર વાહનચાલકનો આતંક સામે આવ્યો છે. દારૂના નશામાં ધૂત એક કારચાલકે બેફામ ગતિએ વાહન હંકારીને ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં પાંચ જેટલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે હાજર લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. રોષે ભરાયેલા ટોળાએ અકસ્માત



સર્જનાર નશાખોર ચાલકને પકડીને બરાબરનો મેથીપાક આપ્યો હતો અને તેની કારના તમામ કાચ તોડી નાખ્યા હતા. મળતી માહિતી મુજબ, સરથાણા જકાતનાકા પાસેથી એક ઈલેક્ટ્રિક કાર પુરપાટ ઝડપે પસાર થઈ રહી હતી. કારનો ચાલક વિજય દારૂના નશામાં એટલો ચૂર હતો કે તેણે વાહન પરથી કાબૂ ગુમાવી દીધો હતો. તેણે રસ્તા પરથી પસાર થઈ રહેલા બે બાઈક સવારો અને એક કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સરથાણા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા છે અને આરોપી ચાલક વિજયને પોલીસ બંદોબસ્ત હેઠળ રાખીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૬ અન્વયે તા.૩૧ જુલાઈ સુધીમાં અરજી કરવી

અમરેલી,તા.૦૩

ભારત સરકાર દ્વારા અસાધારણ સિદ્ધિઓ ધરાવતા બાળકોને સન્માનિત કરવા માટે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' અંતર્ગત અરજીઓ મંગાવવામાં આવી છે. અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની અખબારી યાદી મુજબ, બહાદુરી, સમાજસેવા, રમતગમત, પર્યાવરણ, કલા અને સાહિત્ય તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજી જેવી કુલ છ કેટેગરીમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર બાળકો આ એવોર્ડ માટે પાત્ર છે. આ પુરસ્કાર માટે ૩૧ જુલાઈ ૨૦૨૬ની સ્થિતિએ બાળકની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવી અનિવાર્ય છે. રસ ધરાવતા પ્રતિભાશાળી બાળકો પોતે અથવા જિલ્લા વહીવટી તંત્ર તેમના વતી આગામી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધીમાં સત્તાવાર પોર્ટલ awards.gov.in પર માત્ર ઓનલાઈન માધ્યમથી જ સફળતાપૂર્વક અરજી કરી શકે છે.

# પૂ.સ્વામીની હાજરીમાં માલાવીના રાજદૂત સાથે વિચારોનું આદાન પ્રદાન



અમરેલી,તા.૦૩

પૂજ્ય સ્વામીજીની પાવન ઉપસ્થિતિમાં માલાવીના રાજદૂત ડૉ. થોમસ અને ઑક્સફર્ડ યુનિવર્સિટીના હિન્દુ સ્ટડીઝ ફેકલ્ટીના વડા ડૉ. ઋષિ શૌનકદાસ વચ્ચે વૈશ્વિક વિચારોનું આદાનપ્રદાન થયું હતું.

પ્રોફેસર કિસન દ્વારા ખૂબ જ વિચારપૂર્વક અને આયોજનબધ્ધ રીતે બેઠક ગોઠવવામાં આવેલી હતી.

# ધોરાજીના તોરણીયા ગામમાં ૯ ખેડૂતો સાથે રૂ.૧૪.૫ લાખની છેતરપિંડી, વેપારી ફરાર

ધોરાજી,તા.૦૩

ધોરાજીના તોરણીયા ગામમાં 'મહાવીર એન્ટરપ્રાઇઝ પેઢીના માલિક જયદીપ સાણદિયા, મેનેજર વિપુલ દેલવાડીયા અને દલાલ શૈલેષ ડોબરીયાએ ખેડૂતોનો વિશ્વાસ જીતી, તેમની પાસેથી લાખો રૂપિયાના ઘઉં, તુવેર અને સોયાબીન ખરીદ્યા હતા. પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી આરોપીઓ રૂ.૧૪.૫ લાખનો ચૂનો ચોપડી પેઢી બંધ કરી ફરાર થઈ ગયા છે.ભોગ બનનાર મુખ્ય ખેડૂત કાંતિભાઈ કાછડીયાના રૂ.૪.૫૪ લાખ બાકી છે. આ સિવાય શક્તિસિંહ જાડેજા, ભરત ખીચડીયા, પ્રદિપ સાણંદિયા સહિત અન્ય ૮ ખેડૂતોના નાણાં પણ ઓળવી જવામાં આવ્યા છે. છેલ્લે તારીખ ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ આરોપીઓ ફોન બંધ કરી નાસી જતાં ખેડૂતોએ એડવોકેટ બાબુલાલ જાગાણી મારફત ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કોડીનારના માલગામવાસીઓએ એકલવાયુ જીવનજીવતા શ્રમિકના અંતિમ સંસ્કાર કર્યા

કોડીનાર,તા.૦૩



કોડીનાર તાલુકાના માલગામ ખાતે આશરે વીસ વર્ષથી એકલા રહેતા મૂળ મહારાષ્ટ્રના શ્રમિક નાનુભાઈ સુરેશભાઈનું આકસ્મિક નિધન થયું હતું. ગામલોકોએ તેમની સાથેનો વર્ષો જૂનો દિલનો નાતો નિભાવી, એક પરિવારની જેમ તેમના અંતિમ સંસ્કાર કર્યા હતા. આટલા વર્ષો સુધી તેમની સંભાળ રાખનાર ગ્રામજનોએ નાનુભાઈની યાદ કાયમ રાખવા માટે તેમની તસવીર બનાવી નીચે 'લોકપ્રિય મજદૂર' લખાવીને માનવતાનું એક ઉત્કૃષ્ટ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અંગે કલેકટર કચેરી ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૩

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત તા.૦૩ના રોજ કલેક્ટર કચેરી, ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કર્મચારીઓ અને નાગરિકોને સાયબર સુરક્ષા સંબંધિત માહિતી આપવામાં આવી




હતી તેમજ સાયબર ક્રાઈમ જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. લોકોને સ્ક્રીન શેરિંગ એપ, ઓટીપી ફ્રોડ, ખોટા કસ્ટમર કેર નંબર, શિપિંગ ચાર્જના બહાને થતી છેતરપિંડી, ન્યુડ વીડિયો કોલ અને આર્મીમેનના નામે કરવામાં આવતા ફ્રોડ જેવા વિવિધ સાયબર ગુનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તમામ નાગરિકોને ઓનલાઈન વ્યવહારો દરમિયાન સતર્ક રહેવા તથા કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# ઉનાના સોનેરી ગામ નજીક બાઈક-રીક્ષા વચ્ચે અકસ્માતમાં ત્રણ ઘાયલ

ઉના,તા.૦૩

ઉના તાલુકાના સોનેરી ગામ નજીક બુધવારે સાંજના સમયે બાઈક અને રિક્ષા વચ્ચે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ કમનસીબ ઘટનામાં નાથળ ગામના ત્રણ યુવાનોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર નાથળ ગામના ભીખા ગોહેલ, જાદવભાઈ સીલોત અને મનુભાઈ વશરામભાઈ બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી રિક્ષા સાથે તેમની બાઈક ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ભીખાભાઈ અને જાદવભાઈને હાથ તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉનાની



ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે મનુભાઈને સામાન્ય ઈજા થઈ હતી. અકસ્માત થતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં. કેસરિયા અને દીવ રોડ વચ્ચેના આ જોખમી વિસ્તારમાં વારંવાર અકસ્માતો સર્જાય છે, જેથી સ્પીડ બ્રેકર મૂકવા ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# ધોરાજીમાં દુષ્કર્મનો પ્રયાસ કરી સગીરાને પહેલા માળેથી ફેંકી દેનાર વિધર્મી ઝડપાયો

ધોરાજી, તા.૦૩

ધોરાજીના બહારપુરા વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય મોઈન નાસીર ચૌહાણે પાડોશમાં રહેતી ૧૪ વર્ષની સગીરાને દૂધ લેવાના બહાને પોતાના ઘરમાં બોલાવી હતી. સગીરા દૂધ લઈને આવતા જ આરોપીએ બદકામ કરવાના ઈરાદે ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. સગીરા બૂમાબૂમ ન કરે તે માટે તેના મોઢામાં ડૂચો મારી દીધો હતો. આ દરમિયાન સગીરાના માતા-પિતા તેની શોધખોળ કરવા લાગતા, પકડાઈ જવાના ડરથી



આરોપીએ સગીરાને પહેલા માળેથી નીચે ફેંકી દીધી હતી. પોલીસે ગંભીરતા સમજીને ભોગ બનનારના પિતાની ફરિયાદના આધારે આરોપી સામે હત્યાના પ્રયાસ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી, ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૪૮/૨૦૨૬

પ્રતિ,
શ્રી રાજેશભાઈ દેવજીભાઈ વંશ,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ દેવજીભાઈ નથુભાઈ વંશ તથા રામીબેન દેવજીભાઈ વંશના પુત્રી હિરલબેન દેવજીભાઈ વંશનો જન્મ તારીખ.૧/૧૯/૧૯૮૦ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, તાલુકો-કોડીનાર સને-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૪૬/૨૦૨૬

પ્રતિ,
શ્રી સૈદુમા ઈબ્રાહિમભાઈ આરબ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ઈબ્રાહીમભાઈ અમરભાઈ શેખ તથા સૈદુમા ઈબ્રાહીમભાઈ આરબના પુત્રી શમીમબાનુ ઈબ્રાહીમભાઈ શેખનો જન્મ તારીખ.૬/૧૨/૧૯૭૮ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા,કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૬/૨૦૨૬

પ્રતિ,
શ્રી સનમ ઓસ્માણ ઢોંકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઓસ્માણ જાફર ઢોંકી તથા સનમ ઓસ્માણ ઢોંકીના પુત્રી સાયબા ઓસ્માણ ઢોંકીનો જન્મ તારીખ.૬/૩/૨૦૨૦ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૪૯/૨૦૨૬

પ્રતિ,
શ્રી શિવજીભાઈ લખમણ સિકોતરીયા,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત માઢવાડ,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના શિવજીભાઈ લખમણભાઈ સિકોતિયા તથા પાર્વતીબેન શિવજીભાઈ સિકોતિયાના પુત્ર શાંતીલાલ શિવજીભાઈ સિકોતરીયાનો જન્મ તારીખ.૬/૧/૧૯૮૦ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, તાલુકો-કોડીનાર સને-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૯/૨૦૨૬

પ્રતિ,
શ્રી જુમાભાઈ ઉમરાભાઈ લૂચાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ જુમાભાઈ ઉમરભાઈ લૂચાણી તથા જુબેદાબેન જુમાભાઈ લૂચાણીના પુત્રી આશિયાના જુમાભાઈ લુચાણીનો જન્મ તારીખ.૧/૨/૨૦૨૨ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૪/૨૦૨૬

પ્રતિ,
શ્રી બસીરભાઈ જકુબભાઈ ઈસબણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હુસેનભાઈ અબ્દુલભાઈ ઈસબાણી તથા મીઠાબેન હુસેનભાઈ ઈસબણીના પુત્રી સબીનાબેન હુસેનભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.૨/૧૦/૨૦૧૩ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૧૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં. 145/2026

પ્રતિ,
શ્રી કસ્તુરબેન મુળજીભાઈ કોટીયા,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત,માઢવાડ, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ મુળજીભાઈ નથુભાઈ કોટીયા તથા કસ્તુરબેન મુળજીભાઈ કોટીયાના પુત્ર કિશન મુળજીભાઈ કોટીયાનો જન્મ તા૦૧/૦૬/૧૯૯૩ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત માઢવાડ, તાલુકો-કોડીનાર સને-1993 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.


આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

# આજે કેરળમાં ચોમાસાનું આગમન, દેશના ૧૫થી વધુ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

**અનેક રાજ્યોમાં ભારે પવન સાથે ધૂળની ડમરી ઉડવાની આગાહી**

નવી દિલ્હી,તા.૦૩




દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય સમય કરતાં થોડું મોડું એટલે કે ૪ જૂનની આસપાસ કેરળ પહોંચવાની સંભાવના છે. હવામાન વિભાગે કેરળના અલાપ્પુઝા, કોટ્ટાયમ, એર્નાકુલમ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. કેટલાક વિસ્તારોમાં ૧૧ થી ૨૦ સેમી જેટલો ભારે વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત આગામી ૫ દિવસમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થશે. દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત ૧૫થી વધુ રાજ્યોમાં વીજળીના કડાકા અને ૪૦ થી ૬૦ કિમી/કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે વાવાઝોડા અને વરસાદની આગાહી કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનમાં કરા પડવાની તેમજ ધૂળની ડમરીઓ ઉડવાની પણ શક્યતા છે.

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉડ્ડયન ક્ષેત્ર માટે રૂ. ૩૯,૨૯૦ કરોડના મેગા પેકેજને કેન્દ્રીય મંત્રી મંડળની મંજૂરી

નવી દિલ્હી,તા.૦૩



કેન્દ્રીય મંત્રીમંડળે દેશના માળખાગત વિકાસ અને ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત કરવા રૂ. ૩૯,૨૯૦ કરોડના ૭ મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પેકેજ અંતર્ગત, આંતરરાષ્ટ્રીય સ્તરે ઈંધણના ભાવમાં થતી વધઘટથી એરલાઈન્સને બચાવવા માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું 'એટીએફ ભાવ સ્થિરીકરણ ભંડોળ' સ્થાપવામાં આવશે. દિલ્હીમાં પ્રદૂષણ નિયંત્રણ માટે જૂની ટ્રકો અને બસોને હટાવવા રૂ. ૫,૦૪૧ કરોડ ફાળવાયા છે.

સૌથી મોટો હિસ્સો, એટલે કે આશરે ૬૨ ટકા (રૂ. ૨૪,૨૪૯ કરોડ), હાઈવે પ્રોજેક્ટ્સ માટે ફાળવવામાં આવ્યો છે. આ અંતર્ગત ચાર મુખ્ય રાજ્યોમાં વિકાસ થશે: ઓડિશામાં કોસ્ટલ હાઈવે માટે રૂ. ૮,૩૦૧ કરોડ, તેલંગાણામાં ફોર-લેનિંગ માટે રૂ. ૭,૫૯૭ કરોડ, મધ્યપ્રદેશમાં હાઈવે અપગ્રેડેશન માટે રૂ. ૪,૪૧૫ કરોડ અને બિહારમાં રસ્તા વિસ્તરણ માટે રૂ. ૩,૯૩૬ કરોડ મંજૂર કરાયા છે. આ નિર્ણયોથી લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે, પર્યાવરણ સુધરશે અને રોજગારીની નવી તકો ઊભી થશે.

# મદ્રાસ હાઈકોર્ટે મુખ્યમંત્રી વિજય સામેની છેતરપિંડી-મની લોન્ડરિંગની અરજી ફગાવી

ચેન્નઈ,તા.૦૩



મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુના અભિનેતા અને રાજનેતા સી. જોસેફ વિજય સામે છેતરપિંડી અને મની લોન્ડરિંગનો કેસ દાખલ કરવાની માંગ કરતી અરજી ફગાવી દીધી છે. અરજદાર એમ. રાજકુમારે સુનાવણી દરમિયાન પોતાની અરજી પાછી ખેંચવાની મંજૂરી માંગતા ચીફ જસ્ટિસની બેન્ચે આ આદેશ આપ્યો હતો. અરજીમાં વિજય પર આવક છુપાવવાનો અને બિનહિસાબી રોકડ મેળવવાનો આરોપ હતો, પરંતુ અરજી પાછી ખેંચાતા કોર્ટે કોઈ ટિપ્પણી કરી નથી.

# તેલંગાણાની ફેક્ટરીમાંથી મહારાષ્ટ્ર પોલીસે ૨૦ કરોડથી વધુનું એમડી ડ્રગ્સ રેકેટ ઝડપ્યુ

મુંબઈ,તા.૦૩



મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ દ્વારા તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના ઝહીરાબાદમાં ચાલતી એમડી ડ્રગ્સ ફેક્ટરી પર દરોડો પાડી તેને તોડી પાડવામાં આવી છે. પોલીસની આ કાર્યવાહીમાં રૂ.૬.૨૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેની સાથે આ આખા કેસમાં અત્યાર સુધીમાં જપ્ત કરાયેલા કુલ માલની કિંમત રૂ.૨૦.૭૨ કરોડ પર પહોંચી ગઈ છે. આ કેસની શરૂઆત ૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મીરા રોડ પર પડેલા દરોડાથી થઈ હતી, જ્યાં રૂ.૨.૬૬ કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું. ક્રાઈમ બ્રાન્ચે ઊંડી તપાસ કરીને અત્યાર સુધીમાં ૧૫ આરોપીઓની ધરપકડ કરી છે. તાજેતરમાં પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં તેલંગાણાના બે એકરના ફાર્મહાઉસમાં ચાલતી ડ્રગ્સ લેબની વિગતો મળી હતી. દરોડા દરમિયાન ૩ કિલો તૈયાર એમડી ડ્રગ્સ, ૨,૨૯૩ લીટર પ્રતિબંધિત રસાયણો અને લેબના સાધનો મળી આવ્યા છે. આ આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્ક પાછળના અન્ય સૂત્રધારોની શોધખોળ ચાલુ છે.

# બંગાળમાં 'અન્નપૂર્ણા યોજના'નો પ્રારંભ : પ્રથમ તબક્કામાં મહિલાઓને રૂ.૩,૦૦૦ મળશે

કોલકત્તા,તા.૦૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ મહિલાઓ માટે 'અન્નપૂર્ણા યોજના'ની શરૂઆત કરી છે. ભાજપ સરકારની આ મહત્વાકાંક્ષી સામાજિક કલ્યાણ યોજનાના પ્રથમ તબક્કામાં ૨૮.૨૫ લાખ મહિલા લાભાર્થીઓના બેંક ખાતામાં માસિક રૂ.૩,૦૦૦ની સહાય સીધી ટ્રાન્સફર કરવામાં આવશે. આગામી સમયમાં આ યોજનાનો લાભ આશરે ૨ કરોડ (૨૦ મિલિયન) મહિલાઓને મળવાની અપેક્ષા છે.

આ યોજનાના ઉદ્ઘાટન પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી અગ્નિમિત્રા પોલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના હેઠળ લાભ મેળવવા માટે ૨૫ થી ૬૦ વર્ષની વય જૂથની મહિલાઓ પાત્ર રહેશે અને તેમને નોંધણી કરાવવા માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

# પ. બંગાળમાં ટીએમસી તૂટવાના આરે : બળવાખોરોએ ૫૯ ધારાસભ્યોના સમર્થન સાથે સ્પીકરને પત્ર સોંપ્યો

કોલકત્તા,તા.૦૩



પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં મોટો બળવો થયો છે. પક્ષમાંથી હાંકી કઢાયેલા ઋતબ્રત બેનર્જી અને સંદીપન સાહાએ પોતાને વાસ્તવિક TMC ગણાવી ૫૯ ધારાસભ્યોના હસ્તાક્ષરવાળો પત્ર સ્પીકરને સુપરત કર્યો છે. તેઓએ ઋતબ્રત બેનર્જીને વિપક્ષના નેતા તેમજ સિઉલી સાહા અને જાવેદ ખાનને ઉપનેતા બનાવવાની માંગ કરી છે.

બીજી તરફ, સત્તાવાર ટીએમસી વતી સાંસદ કલ્યાણ બેનર્જીએ શોવનદેવ ચટ્ટોપાધ્યાયને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપવા સ્પીકરને પત્ર લખ્યો છે. તાજેતરની ચૂંટણીમાં પક્ષના ૮૦ ધારાસભ્યો ચૂંટાયા હોવાથી, કાયદાકીય રીતે અલગ થવા માટે ૫૪ ધારાસભ્યો (બે તૃતીયાંશ બહુમતી) ની જરૂર પડે છે. જો બળવાખોરોનો ૫૯ ધારાસભ્યોનો દાવો સાચો સાબિત થશે, તો તેમના પર પક્ષપલટા વિરોધી કાયદો લાગુ નહીં થાય અને મમતા બેનર્જીની પાર્ટી મોટા સંકટમાં મુકાશે.

# મુંબઈમાંથી ભાગેડુ આતંકવાદી હુફૈઝાની ધરપકડ બાદ અંડરવર્લ્ડના મોટા નેટવર્કનો થયો પર્દાફાશ

મુંબઈ,તા.૦૩



મહારાષ્ટ્ર એટીએસ (ATS) અને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે એક સંયુક્ત ઓપરેશનમાં ભાગેડુ આતંકવાદી હુફૈઝાની મુંબઈમાંથી અટકાયત કરી છે. હુફૈઝા પાકિસ્તાનમાં આશ્રય લઈ રહેલા દાઉદ ઈબ્રાહિમના અત્યંત નજીકના સાથી સૈયદ મુદસ્સર હુસૈન ઉર્ફે મુન્ના ઝિંગાડાના સીધા સંપર્કમાં હતો. સુરક્ષા એજન્સીઓ તેને પ્રોડક્શન વોરંટના આધારે દિલ્હી લઈ જવાની તૈયારી કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડી-કંપની અને આઈએસઆઈ (ISI) મુંબઈમાં ફરી પોતાનો પ્રભાવ વધારવા માટે મુન્ના ઝિંગાડાનો ઉપયોગ કરી રહ્યા છે. ઝિંગાડા ભૂતકાળમાં બેંગકોકની જેલમાં ૧૭ વર્ષ રહ્યો હતો. ભારતીય એજન્સીઓએ ડીએનએ રિપોર્ટ અને શાળાના રેકોર્ડ રજૂ કરી તેને ભારતીય સાબિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પાકિસ્તાને તેને પોતાનો નાગરિક ગણાવી વિશેષ વિમાન દ્વારા પાકિસ્તાન બોલાવી લીધો હતો. હાલમાં ઝિંગાડા પાકિસ્તાનથી જ હુફૈઝા જેવા પ્યાદાઓ દ્વારા મુંબઈમાં અંડરવર્લ્ડ નેટવર્ક ચલાવી રહ્યો હતો.

# આટકોટમાં દિકરીને ભગાડી જવાના મુદ્દે બે જૂથ વચ્ચે લોહીયાણ જૂથ અથડામણ

જસદણ,તા.૦૩

જસદણ તાલુકાના આટકોટમાં કલાલના બંગલા પાસે પુત્રીને ભગાડી જવાના મામલે બે કૌટુંબિક પરિવારો વચ્ચે લોહિયાળ જૂથ અથડામણ થઈ હતી. આ હિંસક ઘટનામાં સામસામે પથ્થરમારો, છરી અને પાઈપ જેવા હથિયારો વડે હુમલો થતાં બંને પક્ષના કુલ ૧૧ લોકો ઘવાયા હતા. આ મામલે આટકોટ પોલીસે ચાર મહિલાઓ સહિત કુલ ૧૯ શખ્સો વિરુદ્ધ રાયોટિંગ તેમજ હુમલાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રથમ પક્ષના ઉષાબેન સાઢમિયાએ ગજુ વાઘેલા, ગોવિંદ વાઘેલા સહિત નવ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. તેમનો આક્ષેપ છે કે આરોપીઓએ તેમના પુત્ર મેહુલ પર દીકરીને ભગાડી જવાનો ખોટો આરોપ લગાવી પથ્થરમારો કર્યો હતો અને લોખંડના પાઈપ વડે તેમના પતિ હસુભાઈનું માથું ફોડી નાખ્યું હતું. જ્યારે સામા પક્ષના લત્તાબેન વાઘેલાએ મેહુલ અને હસુ સાઢમિયા સહિત ૧૦ લોકો સામે વળતી ફરિયાદ નોંધાવી છે. તેમનું કહેવું છે કે તેમની સગીર દીકરી ગુમ જણાતા શંકાના આધારે આટકોટ પૂછપરછ કરવા જતાં સામાવાળા ઉશ્કેરાઈ ગયા હતા અને પથ્થરો તેમજ છરી વડે હુમલો કર્યો હતો. હાલ પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

# પીએમ મોદી અને નેપાળના શાસક પક્ષના પ્રમુખ રબી લામિછાને વચ્ચે મુલાકાત

નવી દિલ્હી,તા.૦૩



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના પ્રમુખ રબી લામિછાને સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરી. આ બેઠકમાં વિદેશ પ્રધાન એસ. જયશંકર અને એનએસએ અજિત ડોભાલ પણ હાજર હતા. પીએમ મોદીએ જણાવ્યું કે નેપાળ ભારતની 'પડોશી પ્રથમ' નીતિનો અગત્યનો હિસ્સો છે. આ સિવાય લામિછાનેએ ગૃહ પ્રધાન અમિત શાહ અને એસ. જયશંકર સાથે પણ બેઠકો યોજી હતી, જેમાં બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધો, સુરક્ષા, વિકાસ ભાગીદારી અને પરસ્પર સહયોગ મજબૂત કરવા પર સકારાત્મક ચર્ચા થઈ.

# રાજુલાના છતડીયા ગામ નજીક કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં પ્રૌઢનું મોત

રાજુલા,તા.૦૩



ભાવનગર-સોમનાથ હાઈવે પર રાજુલા નજીક આવેલા છતડીયા ગામના બ્રિજ નીચે બુધવારે એક અત્યંત ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટના કાર અને મોટરસાયકલ વચ્ચે થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકનો કુરચો બોલી ગયો હતો અને મોટરસાયકલ સવાર વૃદ્ધનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ રાજુલા પોલીસ અને ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૃતકની ઓળખ રાજુલા તાલુકાના હિંડોરણા ગામના રહેવાસી વાજસુરભાઈ ભીમાભાઈ પટાટ (ઉંમર વર્ષ ૬૦) તરીકે થઈ છે.

# ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં એક ઘરમાંથી ચાર કોહવાયેલા મૃતદેહ મળી આવતા પોલીસ ચોંકી


પ્રયાગરાજ,તા.૦૩



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના કોતવાલી વિસ્તારમાં આવેલા સાઉથ મલાકાના હીવેટ રોડ પર એક હૃદયકંપાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક જ ઘર અને દુકાનમાંથી એક જ પરિવારના ચાર સભ્યોના કોહવાયેલા મૃતદેહો મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘરમાંથી અસહ્ય દુર્ગંધ આવવાને કારણે સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને જ્યારે ઘરનું તાળું તોડ્યું, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. પ્રાથમિક તપાસ અનુસાર, તમામ મૃતદેહો આશરે બે થી ત્રણ દિવસ જૂના હોવાનું અનુમાન છે. મૃતકોના શરીર પર ઈજાના નિશાનો મળી આવ્યા હોવાથી પોલીસ આ સમગ્ર મામલાને ક્રૂર હત્યાના દ્રષ્ટિકોણથી જોઈ રહી છે. મૃતકોની ઓળખ ૭૦ વર્ષીય વિરેન્દ્ર વૈશ્ય, તેમનાં ૬૫ વર્ષીય પત્ની અનીતા, ૪૫ વર્ષીય અપરિણીત પુત્રી મીનાક્ષી અને ૪૦ વર્ષીય પુત્ર અભિષેક તરીકે થઈ છે. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ઈરાને કરેલા કુવૈત એરપોર્ટ પર હુમલામાં ભારતીયનું મોત, ૬૩ ઘાયલ

નવી દિલ્હી,તા.૦૩



કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થયેલા એક ભયાનક ઈરાની ડ્રોન હુમલામાં એક નિર્દોષ ભારતીય નાગરિકનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૬૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કુવૈતમાં આવેલા ભારતીય દૂતાવાસે આ અત્યંત દુઃખદ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. કુવૈતના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, મોટાભાગના ઘાયલોને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમાંથી કેટલાકની સ્થિતિ હજુ પણ નાજુક છે. આ દુર્ઘટના બાદ તાત્કાલિક ૨૫ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડાવવામાં આવી હતી અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પ્રચંડ હુમલાને કારણે એરપોર્ટના ટર્મિનલ-૧ની ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું છે, જેના લીધે સુરક્ષાના પગલે એરપોર્ટ પર વિમાની સેવાઓ થોડા સમય માટે સ્થગિત કરી દેવાઈ હતી. અગાઉ અમેરિકી સેનાના સેન્ટ્રલ કમાન્ડે (CENTCOM) ખુલાસો કર્યો હતો કે ઈરાને કુવૈતમાં તૈનાત અમેરિકી સૈનિકોને નિશાન બનાવીને આ ડ્રોન હુમલા કર્યા હતા.


06-2026
માતુશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિધા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
પ્રાથમિક, માધ્યમિક તથા
ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં
મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં
૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.

માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ
ધોરણ : ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)

માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ : ૯ અને ૧૦ (ગુજરાતી માધ્યમ)


સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ

શું આપની દિકરીને **'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ'** આટકોટ માં ધોરણ ૫ થી ૮ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ B.A., B.Com, B.C.A., B.Ed., M.Ed., A.N.M. નર્સિંગ, G.N.M.નર્સિંગ, B.Sc. નર્સિંગ, P.B.B.Sc. નર્સિંગ, કે M.Sc. નર્સિંગ. મહિલા નિવાસી સંકુલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ? તો પાટીદાર ભવન, આટકોટ રોડ, જસદણ નો સંપર્ક કરો... વધુમાં વધુ રૂા.૨૦૦૦૦/- સુધીની વાર્ષિક સ્કોલરશીપ મેળવો.

મુળ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ કે જે ગુજરાતમાં કોઈપણ જગ્યાએ સ્થાયી થયેલ હોઈ વર્તમાન મહા ભયંકર મંદીમાં આપ પણ આર્થિક સંકડામણ ભોગવતા હોઈ આપનું સંતાન દિકરીની ઉચ્ચ કારકિર્દી બનાવવા **'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' - આટકોટ** ના મહિલા નિવાસી સંકુલ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા માંગતા હો તો અચૂક અમારો સંપર્ક કરવા વિનંતી...

સંપર્ક કરો...
પાટીદાર ભવન - જસદણ. આટકોટ રોડ, જસદણ
જી.રાજકોટ મો. ૯૭૨૫૧ ૩૮૭૯૯ / ૯૭૩૭૦ ૧૩૮૧૯
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ
મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૪૩ ૨૪૧૬૩

શું આપની દિકરીને ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતં હોય.

એનો જવાબ છે કે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું" ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે
'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'


# રાજ્ય સરકારનો મોટો નિર્ણયઃ પાંચમા પગાર પંચના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ધરખમ વધારો

ગાંધીનગર, તા.૦૩



ગુજરાત સરકારના નાણાં વિભાગે ૨ જૂન ૨૦૨૬ના રોજ એક મહત્વપૂર્ણ ઠરાવ જાહેર કરીને પાંચમા પગાર પંચ હેઠળ પગાર મેળવતા કર્મચારીઓ અને અધિકારીઓના મોંઘવારી ભથ્થા (DA) માં મોટો વધારો મંજૂર કર્યો છે. કોરોના મહામારી દરમિયાન ફ્રીઝ થયેલા ભથ્થાને મુક્ત કરી, ૧ જુલાઈ ૨૦૨૧થી ૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીનું કુલ ૮૭% (૩૫૬% થી ૪૪૩% સુધીનું) એરિયર્સ તબક્કાવાર ચૂકવવામાં આવશે.

નક્કી કરાયેલા મોંઘવારી ભથ્થાના નવા દરો: ૧ જુલાઈ ૨૦૨૨ થીઃ ૩૬૯%, ૧ જાન્યુઆરી ૨૦૨૩ થીઃ ૪૧૨%, ૧ જુલાઈ ૨૦૨૩ થી ૨૭%, ૧ જાન્યુઆરી ૨૦૨૪ થીઃ ૪૪૩% આ વધારો જૂન-૨૦૨૬ના પગાર સાથે જુલાઈ-૨૦૨૬માં રોકડેથી ચૂકવવામાં આવશે. આ નિર્ણયનો લાભ રાજ્ય સરકારના નિયમિત કર્મચારીઓ, પંચાયત સ્ટાફ, પ્રાથમિક શિક્ષકો, ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ અને બોર્ડ-નિગમના પાત્ર કર્મચારીઓને મળશે. જોકે, નગરપાલિકાઓ અને બોર્ડ-નિગમોએ પોતાની નાણાકીય સ્થિતિને આધારે આ અંગે નિર્ણય લેવાનો રહેશે અને તે માટે સરકાર કોઈ વધારાની ગ્રાન્ટ આપશે નહીં.

# ધારી,કુંકાવાવ પંથકમાં જોરદાર કમોસમી વરસાદી ઝાંપટા પડ્યા

અમરેલી,તા.૦૩

ધારી ગીર પંથકમાં અચાનક વાતાવરણ પલટાતાં કમોસમી વરસાદ વરસ્યો છે, જેને કારણે સ્થાનિક ખેડૂતોમાં ભારે ચિંતાનો માહોલ છવાયો છે. ધારી તાલુકાના ચલાલા નજીકના ગ્રામ્ય વિસ્તારો સહિત કમી, કેરાળા, ચરખા, ગરમલી અને કેનાલપરા જેવા આસપાસના ગામોમાં પણ નોંધપાત્ર વરસાદ પડ્યો છે. તો કુંકાવાવ તાલુકાના અમરાપુર સહિતના વિસ્તારોમાં પણ માવઠુ પડ્યુ છે. આ અણધાર્યા માવઠાને લીધે ખેતરોમાં ઉભેલા વિવિધ પાકો તેમજ ખાસ કરીને બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, આ કમોસમી વરસાદ પ્રખ્યાત ગીરની કેરી, શાકભાજી અને અન્ય રોકડીયા પાકોને સીધી રીતે નુકસાન પહોંચાડી શકે છે. વાતાવરણમાં આવેલા આ અચાનક અને પ્રતિકૂળ બદલાવને કારણે સમગ્ર પંથકના ખેતીવાડી ક્ષેત્રે મુશ્કેલીઓ અને ચિંતામાં મોટો વધારો થયો છે. જો કે વરસાદથી લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

# રાજયમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓ સામે પોલીસનું મોટું સર્ચ ઓપરેશન

અમદાવાદ,તા.૦૩



અમદાવાદ, રાજકોટ અને સુરત સહિત ગુજરાતભરમાં વિદેશી ઘૂસણખોરો સામે મેગા ઓપરેશન શરૂ કરાયું છે. અમદાવાદમાંથી અટકાયત કરાયેલા ૨૯૧ શંકાસ્પદોમાંથી ૧૩૧ બાંગ્લાદેશી હોવાની પુષ્ટિ થઈ છે. નકલી આધારકાર્ડ અને દસ્તાવેજોના આધારે ભારતમાં ઘૂસેલા આ તત્વોને દેશનિકાલ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે અને અન્ય રાજ્યોના કનેક્શન અંગે સઘન તપાસ ચાલુ છે.

# રાજયમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થતા આગામી ૭ દિવસ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૦૩



ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમન પહેલા જ ઉત્તર, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં આગામી દિવસોમાં પણ પવન સાથે વરસાદી માહોલ યથાવત રહેશે. ખાસ કરીને ૪ જૂને અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિત મોટાભાગના જિલ્લાઓમાં ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

# જમીન સંપાદન કર્યાના વર્ષ સુધી NA નહીં કરાવી શકાયઃ મહેસૂલ વિભાગ

અમદાવાદ,તા.૦૩

રાજ્યના મહેસૂલ વિભાગે સરકારી પ્રોજેક્ટ્સ માટે થતા જમીન સંપાદન અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રેલ્વે, હાઈવે, રિંગ રોડ, એરપોર્ટ, શૈક્ષણિક સંસ્થાઓ અને પાવર લાઈન જેવા વિકાસ કાર્યો દરમિયાન ખેતીની જમીનને બિનખેતી (NA) કરાવીને મોટું વળતર મેળવવાની પ્રથા પર સરકારે પ્રતિબંધ મૂક્યો છે. પરિપત્ર મુજબ, સંપાદન પ્રક્રિયા દરમિયાન જમીનને બિનખેતી કરવાથી પ્રોજેક્ટ પર નકારાત્મક અસર પડે છે અને સરકારી તિજોરી પર વધારાનો નાણાકીય બોજ આવે છે.

નવી એસઓપી (SOP) અનુસાર, પ્રોજેક્ટનો ડીપીઆર (DPR) તૈયાર કરતી વખતે કલેક્ટરને ગામોની યાદી અપાશે. કલેક્ટરે યાદી મળ્યાના ૬૦ દિવસ સુધી સમગ્ર ગામની NA પ્રક્રિયા સ્થગિત રાખવી પડશે, જેથી સંપાદન એજન્સી સંભવિત સર્વે નંબરો નક્કી કરી શકે.


naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com


અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
STAR, TATA AIG, Medi Assist, SBI general, care, RELIANCE, BAJAJ Allianz
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ

ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઇંચ થી ૪।।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર બોરવેલ
પિયુષભાઈ પટેલ મો. ૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો. ૭૬૨૨૯ ૮૨૭૨૨